જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- જૂનાગઢ

નિર્મિત

રાષ્ટ્રીય સર્વેક્ષણ

પરખ

પ્રશ્નબેંક

વર્ષ: 2026-27



ધોરણ- 6

PARAKH Rashtriya Sarvekshan 2024

શિક્ષણની ગુણવત્તા તરફ આગળ વધતો

જૂનાગઢ જિલ્લો

PARAKH REPORT CARD 2024 ANALYSIS – JUNAGADH DISTRICT

ધોરણ 3 – FOUNDATION STAGE

જૂનાગઢનો રેન્ક
રેન્ક 19
(54%)

ધોરણ ત્રણ નું વિષયવાર પરિણામ

વિષય	રાજ્ય સરેરાશ	જૂનાગઢ જિલ્લો	તફાવત
ભાષા (Language)	57%	58%	↑ +1%
ગણિત (Maths)	52%	50%	↓ -2%
એકંદર સરેરાશ	54%	54%	0%

મુખ્ય તારણ:
ભાષામાં રાજ્ય કરતાં 1% વધુ,
ગણિતમાં 2% ઓછું.
એકંદર સરેરાશ રાજ્ય જેટલું જ (54%).

ધોરણ 6 – PREPARATORY STAGE

જૂનાગઢનો રેન્ક
3
(49%)

ધોરણ 6 નું વિષયવાર પરિણામ

વિષય	રાજ્ય સરેરાશ	જૂનાગઢ જિલ્લો	તફાવત
ભાષા (Language)	51%	55%	↑ +4%
ગણિત (Maths)	40%	44%	↑ +4%
આપણી આસપાસની દુનિયા (The World Around Us)	45%	48%	↑ +3%
એકંદર સરેરાશ	45%	49%	↑ +4%

મુખ્ય તારણ:
ત્રણેય વિષયોમાં જૂનાગઢ જિલ્લો
રાજ્યના સરેરાશ કરતાં આગળ.
એકંદર સરેરાશ રાજ્ય કરતાં 4% વધુ.

એક નજરે સરખામણી

ધોરણ	રાજ્ય સરેરાશ	જૂનાગઢ સરેરાશ	સ્થિતિ
ધોરણ 3	54%	54%	સમાન =
ધોરણ 6	45%	49%	જૂનાગઢ +4% ↑

સાથે મળીને ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફ આગળ વધીએ,
દરેક બાળકને ઉત્તમ ભવિષ્ય આપીએ.

<u>પ્રેરક</u>

ડૉ.આશાબેન રાજ્યગુરુ - પ્રાચાર્ય

<u>માર્ગદર્શક</u>

ભરતભાઇ મેસિયા - લેક્ચરર

ડૉ.મીરાબેન વ્યાસ - લેક્ચરર

આશુતોષભાઈ વ્યાસ - લેક્ચરર

હેમલબેન ઉપાધ્યાય - લેક્ચરર

પીન્ટુભાઈ મકવાણા - સંશોધન સહાયક

<u>ગુજરાતી વિષય કન્વીનર</u>

મેઘનાથી પરેશગિરિ

વિસણવેલ પ્રા.શાળા, તા. માળીયા

<u>ગણિત વિષય કન્વીનર</u>

મારવણિયા કૃણાલકુમાર

પી.એમ.શ્રી શાળા શાપુર, તા.વંથલી

<u>વિજ્ઞાન વિષય કન્વીનર</u>

માથુકીય નિતેષ

ખંભાળિયા પ્રા. શાળા, તા. ભેસાણ

<u>સામાજિક વિજ્ઞાન વિષય કન્વીનર</u>

મકવાણા દિલીપકુમાર

બી.આર.સી કોઓર્ડીનેટર ભેસાણ

<u>લેખન અને સમીક્ષા</u>

<u>ગુજરાતી</u>

ચૌહાણ ભાવનાબેન

ચોકલી પ્રાથમિક શાળા, તા. જુનાગઢ

સભાડ સરોજબેન

ખલીલપુર પ્રાથમિક શાળા, તા.જૂનાગઢ

<u>ગણિત</u>

ગજેરા ભાવેશભાઈ

ગોરવિયાળી પ્રા. શાળા, તા. ભેંસાણ

ધુળેશિયા બિરેનભાઈ

ઢોળવા પ્રા. શાળા, તા. ભેંસાણ

<u>વિજ્ઞાન</u>

કામદાર જલ્પાબેન

નાગલપુર પ્રાથમિક શાળા, તા.મેંદરડા

મહેતા હાર્દિકભાઇ

થાનીયણા પ્રા.શાળા, તા. માણાવદર

<u>સામાજિક વિજ્ઞાન</u>

જોરા વિજયકુમાર

શ્રી નાકરા પ્રાથમિક શાળા, તા. માણાવદર

સોલંકી જગદીશકુમાર

દુધાળા પ્રાથમિક શાળા, તા. વિસાવદર

પ્રિય શિક્ષકમિત્રો

ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણનો આધારસ્તંભ છે. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં ભાષા, ગણિત અને પર્યાવરણીય અભ્યાસની પાયાની સમજ સાથે તાર્કિક વિચારશક્તિ, સમસ્યા ઉકેલાની ક્ષમતા તથા જીવનોપયોગી કૌશલ્યોનો વિકાસ થાય તે આજના શિક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.

રાષ્ટ્રીય સર્વેક્ષણ પરખના અનુસંધાને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓનું અસરકારક મૂલ્યાંકન થઈ શકે અને તેઓ આત્મવિશ્વાસપૂર્વક સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા આ વિશેષ પ્રશ્નબેંક તૈયાર કરવામાં આવી છે.

આ પ્રશ્નબેંક માત્ર મૂલ્યાંકનનું સાધન નથી, પરંતુ વર્ગખંડમાં નિયમિત મહાવરા, પુનરાવર્તન અને નિદાનાત્મક મૂલ્યાંકન માટેનું એક અસરકારક પથદર્શક પણ છે. મને વિશ્વાસ છે કે તમામ શિક્ષકમિત્રો તેનો સર્જનાત્મક અને અસરકારક ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવશે.

આ પ્રશ્નબેંકના નિર્માણમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપનાર DIETના તમામ વ્યાખ્યાતાશ્રીઓ, વિષય નિષ્ણાતો, લેખકવૃંદ તેમજ આયોજન સાથે જોડાયેલા તમામ સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેમના સમર્પણ અને પરિશ્રમના પરિણામે શિક્ષકો અને વિદ્યાર્થીઓને એક ઉપયોગી શૈક્ષણિક પ્રશ્નબેંક પ્રાપ્ત થઈ છે.

આવો, સૌ સાથે મળીને ગુણવત્તાસભર શિક્ષણના ધ્યેયને સાકાર કરીએ અને આપણા જિલ્લાના દરેક વિદ્યાર્થીને રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સજ્જ બનાવીએ. એ જ આપણા સૌના સંયુક્ત પ્રયાસોની સાચી સફળતા ગણાશે.

ડો. આશાબેન રાજ્યગુરુ, પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,જૂનાગઢ

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પાનાં નબર
1.	ભાષા	1 to 14
2.	ભાષા- Answer Key	15 to 17
3.	ગણિત	18 to 35
4.	ગણિત- Answer Key	35 to 38
5.	વિજ્ઞાન	39 to 48
6.	વિજ્ઞાન - Answer Key	49
7.	સામાજિક વિજ્ઞાન	50 to 73

❖ સામાજિક વિજ્ઞાન ની Answer Key દરેક પ્રકરણના નીચે જ આપવામાં આવેલી છે.

ભાષા

૧. તાંબાના વાસણ (ફકરો)

1.નીચે આપેલ ફકરો વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

તાંબુ ફક્ત સાદા પાણી માટે ઉપયોગમાં લેવાય તો જ એ હિતાવહ છે. એમાં અથવા એલ્યુમિનિયમના વાસણમાં રસોઈ બને ત્યાં સુધી ન બનાવવી. ટમેટા,લીંબુનો રસ, દહીં કે છાશ જેવી ખટાશવાળી વસ્તુનો સંગ્રહ પણ આ પ્રકારના વાસણમાં ન કરવું, કારણ કે,એના લીધે ખોરાકમાં રાસાયણિક પ્રતિક્રિયા ઉત્પન્ન થઈ શકે છે અને ખોરાક ઝેરી બની શકે છે. તાંબુ પીવાના પાણીના સંગ્રહ માટે શ્રેષ્ઠ છે. તમે આ પ્રકારના વાસણમાં ભરેલું પાણી પીવો છો ત્યારે ફક્ત તમે તમારી તરસ છિપાવી રહ્યા નથી, પરંતુ એક પ્રકારની સદીઓ જૂની દવા લઈ રહ્યા છો. જે તમને અમુક પ્રકારના માઈક્રોન્યુટ્રીયન્સની ખામીથી બચવા માટે ઉપયોગી નીવડશે. આ પ્રકારનું પાણી પણ સાતથી આઠ કલાક સુધી જ સંગ્રહ કરીને ઉપયોગમાં લેવું. રસોઈ બનાવવા વાસણને ગરમી આપવી પડે છે. એલ્યુમિનિયમ કે તાંબુ જેવી અમુક પ્રકારની મેટલના કારણે ખોરાક પર વિપરીત અસર થાય છે. લોખંડના વાસણમાં રસોઈ બનાવવાની, એમાં રહેલું આયર્ન આહારમાં ભળે છે. સ્ટેનલેસ સ્ટીલના વાસણ સાફ-સફાઈમાં પણ સરળ છે. એના ઉપયોગથી હીટના લીધે આડઅસર નથી થતી. આ ઉપરાંત સીરામીક અથવા કાચના વાસણમાં માઇક્રોવેવની મદદથી રસોઈ બનાવી શકાય., જે પણ સલામત છે.

1. આકાશભાઈ તાંબાના વાસણમાં છાશ અને લીંબુનું શરબત ભરીને રાખે છે. વિજ્ઞાનના દ્રષ્ટિકોણથી તેમની આ ટેવ અંગે તમે શું કહી શકો?

(A) આ એક ઉત્તમ ટેવ છે, કારણ કે તેનાથી શરબતમાં મિનરલ્સ ઉમેરાય છે.

(B) આ ટેવ નુકસાનકારક છે, કારણ કે ખટાશવાળા પદાર્થો તાંબા સાથે રાસાયણિક પ્રક્રિયા કરી ખોરાકને ઝેરી બનાવી શકે છે.

(C) આનાથી છાશ લાંબા સમય સુધી તાજી રહે છે અને તેનો સ્વાદ બગડતો નથી.

(D) તાંબાના વાસણમાં ખટાશ ભરવાથી વાસણની સફાઈ સરળ બની જાય છે.

2. નીચે આપેલાં વિધાનોમાંથી કયું વિધાન ફકરાના આધારે સત્ય નથી?

(A) તાંબાના વાસણમાં ૭ થી ૮ કલાક રાખેલું સાદું પાણી માઇક્રોન્યુટ્રિઅન્ટ્સ આપે છે.

(B) સ્ટેનલેસ સ્ટીલનાં વાસણોમાં રસોઈ બનાવવાથી હીટ (ઉષ્મા)ના લીધે કોઈ આડઅસર થતી નથી.

(C) તાંબુ અને ઍલ્યુમિનિયમ રસોઈ બનાવવા માટે સૌથી સલામત ધાતુઓ છે.

(D) લોખંડનાં વાસણમાં રસોઈ બનાવવાથી આહારમાં આયર્ન તત્વ ભળે છે.

3. એક વ્યક્તિ શરીરમાં 'આયર્ન' (લોહતત્વ)ની ખામી અનુભવે છે. ફકરામાં દર્શાવ્યા મુજબ તેને કયા વાસણમાં રસોઈ બનાવવાની સલાહ આપવી જોઈએ?

(A) ઍલ્યુમિનિયમનાં વાસણમાં

(B) કાચ અથવા સિરામિકનાં વાસણમાં

(C) લોખંડનાં વાસણમાં

(D) તાંબાના વાસણમાં**4. તાંબાના પાત્રમાં ભરેલા પાણીના યોગ્ય ઉપયોગ માટે કઈ શરતોનું પાલન થવું જોઈએ?**

1. પાણી સાદું હોવું જોઈએ (ખટાશવાળું ન હોવું જોઈએ).

2. પાણીને ૭ થી ૮ કલાક સુધી જ સંગ્રહિત કરવું જોઈએ.

3. તાંબાના વાસણમાં રસોઈ બનાવીને પછી પાણી પીવું જોઈએ.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 તમામ

5. માઇક્રોવેવમાં સલામત રીતે રસોઈ બનાવવા માટે ફકરા મુજબ કયા વાસણનો ઉપયોગ કરવો યોગ્ય રહેશે?

(A) ઍલ્યુમિનિયમ અથવા તાંબાનાં વાસણ

(B) સ્ટેનલેસ સ્ટીલનાં વાસણ

(C) સિરામિક અથવા કાચનાં વાસણ

(D) લોખંડનાં વાસણ

૨. ગાંઠિયા (ફકરો)

નીચે આપેલ ફકરો વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

ગાંઠિયા વિશે શું કહેવું અને શું ન કહેવું? એ વિશે મીઠી મૂંઝવણ થઈ રહી છે. બાળપણમાં ગાંઠિયા લાવવાનું કામ હંમેશા અમને જ સોંપવામાં આવતું. આ એક જ એવું કામ હતું જે કરવાનો અતિશય આનંદ આવતો. કંદોઈને ત્યાં ઘરાકી હોય તો તો વધારે મજા આવતી. ચણાના બાંધેલા લોટને હળવે હાથે ડબ્બામાંથી કાઢીને, પ્રેમથી પાટલે મૂકીને એના પર વજનના તોલાથી જ મરી અને અજમાને પ્રેમથી ખાંડીને હળવે હાથે હથેળીના તાલે રમતા રમતા ગાંઠીયા બનાવતા કોઈ કંદોઈને તમે જોયો છે કે? જે રીતે પાટલા પર હાથની હથેળીથી અલગ અલગ ઘાટ ઘડે એ જોઈને એને ઘડવૈયા કહેવાનું મન થઈ જાય. હથેળીના તાલે પાટલા પર આમતેમ રૂમઝૂમ કરતા વણેલા ગાંઠિયા કેવા મજાના લાગે! ફાફડા બનાવવા માટે પણ અદભુત કૌશલ્ય જોઈએ. પહેલી નજરે સાવ સહેલું લાગતું આ કામ સાવ સહેલું તો નથી જ. લોકડાઉનમાં કંદોઈને કાંટે કી ટક્કર આપવા પહેલીવાર વણેલા ગાંઠીયા બનાવ્યા ત્યારે ખબર પડી કે આ કલાને સાધવા સાધકે સાધના તો કરવી જ પડે.

1. લેખકે કંદોઈને 'ઘડવૈયા' તરીકે સરખાવ્યા છે. આ સરખામણી પાછળનો મુખ્ય ભાવાર્થ શો હોઈ શકે?

(A) કંદોઈ માટીના વાસણો ઘડે છે એટલે

(B) કંદોઈ હથેળીના તાલે અને કૌશલ્યથી ગાંઠિયાને ચોક્કસ આકાર (ઘાટ) આપે છે એટલે

(C) કંદોઈ દુકાનમાં કામ કરનાર કારીગર છે એટલે

(D) કંદોઈ દરેક ગ્રાહકની રુચિ પ્રમાણે રસોઈ બનાવે છે એટલે

2. "આ કલાને સાધવા સાધકે સાધના તો કરવી જ પડે." - આ વિધાનના આધારે ગાંઠિયા કે ફાફડા બનાવવાની પ્રક્રિયા વિશે શું તારણ નીકળે?

(A) તે માત્ર નિયમિત અભ્યાસ વગર જ ઝડપથી શીખી શકાય છે.

(B) તે એક ચોક્કસ કૌશલ્ય અને સખત મહેનત/અભ્યાસ માંગી લેતી કળા છે.

(C) લોકડાઉનમાં તે બનાવવું સાવ સરળ કામ હતું.

(D) તે માટે માત્ર યોગ્ય સામગ્રી ભેગી કરવી જ પૂરતી છે.

3. લેખકને બાળપણમાં કંદોઈની દુકાને ઘરાકી હોય ત્યારે ગાંઠિયા લાવવામાં વધુ મજા કેમ આવતી હશે?

(A) તેમને ઘરાકી વચ્ચે કંદોઈની કામ કરવાની અદ્ભુત કળા અને ઝડપ જોવાનો મોકો મળતો હતો.

(B) ઘરાકી હોવાથી તેમને ગાંઠિયા મફતમાં મળતા હતા.

(C) વધારે ભીડ હોવાથી તેમને લાઈનમાં ઊભા રહેવું ગમતું હતું.

(D) તેમને કંદોઈ સાથે વાત કરવાનો વધુ સમય મળતો હતો.

4. "પહેલી નજરે સાવ સહેલું લાગતું આ કામ સાવ સહેલું તો નથી જ." - આ વાક્ય દ્વારા કયો જીવનબોધ વ્યક્ત થાય છે?

(A) કોઈ પણ કામ નજરે સહેલું દેખાય પણ વાસ્તવમાં તેમાં કૌશલ્ય અને અનુભવની જરૂર હોય છે.

(B) અઘરા કામો ક્યારેય કરવા જોઈએ નહીં.

(C) જે કામ દેખાવમાં સહેલું હોય તે હંમેશાં સહેલું જ રહે છે.

(D) રસોઈ બનાવવી એ માત્ર અનુભવી લોકોનું જ કામ છે.

5. ફકરાના સંદર્ભમાં 'મીઠી મૂંઝવણ' શબ્દપ્રયોગ પાછળનો યોગ્ય અર્થ શોધો.

(A) ગાંઠિયાની ખાંડવાળી વાનગી હોવી

(B) કંદોઈ પ્રત્યેનો અણગમો

(C) ગાંઠિયા પ્રત્યેના અતિશય પ્રેમ અને આનંદને કારણે થતી અનુભૂતિ

(D) ગાંઠિયાનો સ્વાદ મોળો હોવો

૩. ગાંધીજી અને પ્રાર્થના (ફકરો)

. નીચે આપેલ ફકરો વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

ગાંધીજીનો માનવીમાંથી ને ઈશ્વરમાંથી વિશ્વાસ ડગ્યો ન હતો. ગાંધીજીએ તો ઘણા આઘાતો અનુભવ્યા હતા. હૃદયને ભાંગી નાખે એવા પ્રસંગો જોયા હતા. આ બધી વખતે તેમને ક્યાંથી શક્તિ મળતી તે વિશે એમણે કહ્યું, "પ્રાર્થના એ જ મને બચાવ્યો છે, પ્રાર્થના વિના હું ક્યારનો ગાંડો બની ગયો હોત. મને થયેલા કડવામાં કડવા અને જાહેર અનુભવો થોડો વખત મને નાસીપાસ કરતા, પણ પ્રાર્થનાથી મારો નિરાશાનો અંધકાર દૂર થતો. પ્રાર્થના સત્યની જેમ જ મારા જીવનની જોડે વણાઈ ગઈ છે .રોજબરોજ મને આઘાત આપનાર અને દુઃખી કરનાર એટલા બનાવો બને છે કે જો આવે વખતે પણ મારા હૃદયમાં રહેલા પરમાત્માનો મેં અનુભવ ન કર્યો હોત તો મારું મગજ ભમી ગયું હોત."

(૧) ગાંધીજીનો શેમાંથી વિશ્વાસ ક્યારે ડગ્યો ન હતો?

(A)આનંદમાંથી (B)માનવી માંથી અને ઈશ્વરમાંથી

(C)પુસ્તકોમાંથી (D)દોલતમાંથી

(૨) ગાંધીજી શા માટે નાસીપાસ થઈ જતા હતા?

(A) આઘાતના કારણે (B)પ્રાર્થનાને કારણે

(C)કડવા અને જાહેર અનુભવોને કારણે (D) પરીક્ષામાં નાપાસ થવાના કારણે

(૩) ગાંધીજીના જણાવ્યા મુજબ તેમને મુશ્કેલ સમયમાં કોણે બચાવ્યા છે?

(A) મિત્રોએ (B)તેમના પરિવારે

(C)પ્રાર્થનાએ (D)શસ્ત્રોએ

(૪) ગાંધીજીના મતે જો તેવો પ્રાર્થના ન કરતા હોત તો તેમની સ્થિતિ કેવી થઈ હોત?

(A)તેઓ ખૂબ ધનવાન બની ગયા હોત (B)તેઓ પાગલ બની ગયા હોત

(C)તેઓ દેશ છોડીને ચાલ્યા ગયા હોત (D)તેઓ આખો દિવસ ઊંઘતા રહ્યા હોત

(૫) પ્રાર્થના કરવાથી ગાંધીજીનો ક્યો અંધકાર દૂર થતો હતો?

(A) રાતનો અંધકાર (B) નિરાશા નો અંધકાર

(C)અજ્ઞાનનો અંધકાર (D)ક્રોધનો અંધકાર

(૬) ફકરામાં વપરાયેલા 'નિરાશા' શબ્દનો સાચો વિરોધી શબ્દ કયો થશે?

(A)નિરાશ (B)હતાશા

(C)આશા (D)અંધકાર

૪. બાળકની ભૂલ અને કેળવણી

નીચે આપેલ ફકરો વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

બાળક કોઈ ભૂલ કરી બેસે ત્યારે તેની કબુલાત તે આપમેળે અને નિખાલસ ભાવે કરે એમ થવા દેજો. અને તે પોતાની ભૂલ કબૂલ કરે ત્યારે તેને પ્રેમપૂર્વક અને માયાળુ પણે સમજાવજો કે તેના કાર્યમાં ક્યાં ભૂલ હતી અને તે તેણે ફરીથી થવા ન દેવી જોઈએ. પણ કોઈપણ પરિસ્થિતિમાં તેને ઠપકો તો ન જ આપશો. જે ભૂલ કબૂલ કરી લેવાઈ હોય તેની તો માફી જ આપવી જોઈએ. તમારી અને તમારા બાળક વચ્ચે ભયનું તત્વ દાખલ થઈ જાય એમ તો કદી ન થવા દેશો. બીકના પાયા ઉપર કેળવણીનું મંડાણ કરવું એ તો મહા જોખમ નો માર્ગ છે.

(૧) ફકરામાં વર્ણવેલી બાળક પ્રત્યેની પ્રેમપૂર્ણ અને માયાળુ સમજાવટનો મુખ્ય હેતુ શું હોઈ શકે?

(A) બાળકને પોતાની ભૂલનો આજીવન અફસોસ થાય તેવું વાતાવરણ ઊભું કરવું.

(B) બાળકમાં ભૂલનો સ્વીકાર કરવાની હિંમત જળવાઈ રહે અને સુધારાત્મક શિક્ષણ મળે.

(C) માતા-પિતાનું વર્ચસ્વ બાળકના માનસ પર હંમેશા સ્થપાયેલું રહે.

(D) બાળક પોતાની ભૂલ બીજા અન્ય લોકો પર ઢોળી દેતા શીખે.

(૨) બાળક પોતાની ભૂલનો સ્વીકાર કરે ત્યારે શું કરવું જોઈએ?

(A) તેના પર ગુસ્સો કરવો (B) તેને ઠપકો આપવો

(C) તેને પ્રેમપૂર્વક અને માયાળુપણે સમજાવવું (D)તેને સજા કરવી

(૩) કોઈ બાળક પોતાની ભૂલની કબુલાત સ્વયં અને નિખાલસતાથી કરે ત્યારે વાલી કે શિક્ષક તરીકે તમારી શ્રેષ્ઠ પ્રતિક્રિયા કઈ હોવી જોઈએ?

(A) બાળકના આત્મવિશ્વાસને તોડી પાડવા માટે તેને જાહેરમાં ઠપકો આપવો.

(B) બાળકની ભૂલને અવગણીને ભવિષ્યમાં તેની પાસેથી યોગ્ય વર્તનની આશા જ ન રાખવી.

(C) ભૂલનો સ્વીકાર કરવા બદલ તેને ક્ષમા આપી ભૂલ ક્યાં થઈ તે પ્રેમથી સમજાવી પુનરાવર્તન ન થાય તે માટે માર્ગદર્શન આપવું.

(D) બાળક આગળથી ભૂલ ન કરે તે માટે તેને શારીરિક કે માનસિક શિક્ષા કરવી.

(૪) આપણી ભૂલમાંથી આપણને શું શીખવા મળે છે?

(A) ભવિષ્યમાં એવી ભૂલ ફરી ન કરવાની શિખામણ (B) નવી ભૂલો કરવાની રીત

(C) ચિંતા કરવાની આદત (D) સમય બગાડવાની આદત

(૫) આ ફકરામાં શિક્ષણનો સમાનાર્થી શબ્દ કયો છે?

(A) પરિસ્થિતિ (B) કેળવણી

(C) નિખાલસતા. (D) સમજણ

નીચે આપેલ પેમ્ફલેટનો અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

1. એક ગ્રાહક પોતાના ઘરના વીજળી બિલને શૂન્ય કરવા માટે રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવાનું વિચારે છે અને સાથે ફ્રી મેઇન્ટેનન્સ તેમજ સરકારી લાભો પણ ઈચ્છે છે. આ જાહેરાત મુજબ, નીચેનામાંથી કઈ જોડી 'આર્થિક ફાયદા'ની દ્રષ્ટિએ સંપૂર્ણ રીતે સાચી છે?

(A) ૨૫ વર્ષ સુધી ફ્રી મેઇન્ટેનન્સ અને ૪૦% સુધીની સબસીડી

(B) ૪૦% સુધીની સરકારી સબસીડી, ૫ વર્ષ સુધી ફ્રી મેઇન્ટેનન્સ અને ફ્રી સાઈટ સર્વે

(C) ૫ વર્ષ સુધી ફ્રી મેઇન્ટેનન્સ અને ૧૦૦% સરકારી સબસીડી

(D) ૧૦ વર્ષ સોલાર પેનલનું આયુષ્ય અને ૪૦% સુધીની સબસીડી

2. વિભાગ 4માં સોલાર યોજનાનો લાભ લઈ શકે તેવા વિવિધ ક્ષેત્રો દર્શાવ્યા છે. નીચેનામાંથી કોનો સમાવેશ આ વિભાગમાં થતો નથી?

(A) રહેણાકનું પોતાનું મકાન કે સોસાયટી

(B) વાણિજ્યિક શોપિંગ કોમ્પ્લેક્સ કે હોસ્પિટલ

(C) ઔદ્યોગિક કરખાના કે મિલ

(D) ખુલ્લા ખેતરમાં પાક માટે સોલાર પમ્પ લગાવનાર ખેડૂત

3. એક ફેક્ટરી માલિક અને હોસ્પિટલના ટ્રસ્ટી પોતાના કમર્શિયલ એકમો પર સોલાર પેનલ લગાવવા ઈચ્છે છે. વિભાગ ૪ (ગ્રાહક સેવા ક્ષેત્રો) અનુસાર, આ યોજના હેઠળ કયા ગ્રાહકો લાભ લઈ શકે છે?

(A) માત્ર રહાણાંક, પોતાના ઘર અને બંગલા માટે

(B) માત્ર ઔદ્યોગિક, કારખાના અને મિલ માટે

(C) ઔદ્યોગિક કારખાના, વાણિજ્યિક શોપિંગ કોમ્પ્લેક્સ/હોસ્પિટલ અને રહેણાંક સોસાયટી/ઘર - આ તમામ માટે

(D) માત્ર સરકારી કચેરીઓ અને કોર્પોરેટ ઓફિસો માટે

4. ટેકનિકલ માહિતી અને ગેરંટી અનુસાર, 'શ્રીજી સોલાર'ની સોલાર પેનલનું આયુષ્ય અંદાજે કેટલું જણાવવામાં આવ્યું છે?

(A) ૫ વર્ષ (B) ૧૫ વર્ષ (C) ૨૫ વર્ષ (D) ૩૦ વર્ષ

5. જાહેરાતના મુખ્ય હેતુ (વિભાગ ૧)ના સંદર્ભમાં, સોલાર રૂફટોપ સિસ્ટમ અપનાવવાથી પર્યાવરણને કયો મુખ્ય ફાયદો થાય છે?

(A) પાણીનો બગાડ અટકે છે.

(B) પ્રદૂષણ મુક્ત ઊર્જા અપનાવીને પર્યાવરણનું જતન થાય છે.

(C) જમીનનું ધોવાણ અટકે છે.

(D) વૃક્ષો વાવવાની જરૂર રહેતી નથી.

૬. વરસાદી પાણીનું સંરક્ષણ (પેમ્ફલેટ)

નીચે આપેલ પેમ્ફલેટનો અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

વરસાદી પાણીનો સંગ્રહ

1: અભિયાનનો મુખ્ય હેતુ

આ અભિયાન સમાજમાં કયા ઉમદા હેતુથી ચલાવવામાં આવે છે?

વરસાદના વહી જતા પાણીને બચાવીને જમીનમાં ઉતારવા માટે.

ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા માટે.

ભવિષ્યમાં આવનારી પાણીની અછતને રોકવા માટે.

'ટીપે ટીપે સરોવર ભરાય' એ ઉક્તિને સાર્થક કરી જળ સંરક્ષણ કરવા માટે.

2: મળતા સામાજિક અને આર્થિક ફાયદાઓ

આ પદ્ધતિ અપનાવવાથી સામાન્ય નાગરિક કે ખેડૂતને શું ફાયદો થાય?

બોરવેલ કે કૂવા રિચાર્જ થવાથી વર્ષભર પાણીની સુવિધા મળે છે.

મ્યુનિસિપલ વોટર સપ્લાય પરની નિર્ભરતા ઘટે છે, જેથી પાણીના વેરામાં બચત થાય છે.

ફ્લોરાઈડયુક્ત પાણીથી મુક્તિ મળે છે અને શુદ્ધ કુદરતી પાણી પ્રાપ્ત થાય છે.

સરકાર દ્વારા જળ સંચયના કામો માટે મળતી આર્થિક પ્રોત્સાહન રાશિ કે સબસિડીનો લાભ.

3: ટેકનિકલ માહિતી અને માર્ગદર્શન

પાણી સંગ્રહ કરવા માટે કઈ તકનીકો અને કાળજી જરૂરી છે?

ટેરેસ (અગાશી) પરથી આવતા પાણીને પાઈપ દ્વારા ફિલ્ટર ટેન્ક સુધી પહોંચાડવું.

'પારખ' પદ્ધતિ મુજબ પાણીને રેતી અને કાંકરાના સ્તરોમાંથી પસાર કરી શુદ્ધ કરવું.

જૂના બિનઉપયોગી બોર કે કૂવાને 'રિચાર્જ વેલ' તરીકે વિકસાવવા.

એન્જિનિયરિંગ માપદંડ મુજબ ભૂગર્ભ ટાંકાનું બાંધકામ અને તેની સફાઈ.

4: અમલીકરણના ક્ષેત્રો

આ પદ્ધતિ ક્યાં ક્યાં લાગુ કરી શકાય?

ગ્રામ્ય વિસ્તાર: ખેતરના શેઢા પર ખેત-તલાવડી બનાવીને કે ચેકડેમ દ્વારા.

શહેરી વિસ્તાર: સોસાયટીઓ, એપાર્ટમેન્ટ્સ અને બંગલાઓની અગાશી દ્વારા.

શૈક્ષણિક/જાહેર સંસ્થાઓ: શાળાઓ, સરકારી કચેરીઓ અને બગીચાઓમાં.

ઔદ્યોગિક એકમો: ફેક્ટરીઓના વિશાળ શેડ પર પડતા પાણીના સંગ્રહ દ્વારા.

1. જો કોઈ ગામના તમામ કૂવાઓ ઉનાળામાં સુકાઈ જાય છે, તો તે ગામ માટે 'વરસાદી પાણીનો સંગ્રહ' કઈ રીતે કાયમી ઉકેલ બની શકે?

(A) તે માત્ર ચોમાસા દરમિયાન જ પાણી પૂરું પાડશે.

(B) તે જમીનમાં ઉતરેલા પાણી દ્વારા ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવશે, જેનાથી કૂવા રિચાર્જ થશે

(C) તે ગામના લોકોને બીજા ગામમાંથી પણી ખરીદવામાં મદદ કરશે.

(D) તે માત્ર ખેતી માટે જ ઉપયોગી થશે, પીવા માટે નહીં.

2. શહેરોમાં 'સિમેન્ટ-કોંક્રિટના રોડ' વધવાથી ભૂગર્ભ જળમાં શું ફેરફાર થાય છે અને તેનું નિવારણ શું હોઈ શકે?

(A) પાણી જમીનમાં ઉતરવાની ક્ષમતા વધે છે, માટે કંઈ કરવાની જરૂર નથી.

(B) જમીન પાણી શોષી શકતી નથી, માટે અગાશીના પાણીને સીધું જમીનમાં ઉતારવું જોઈએ.

(C) રોડના કારણે પાણી શુદ્ધ થાય છે, માટે તેને ગટરમાં વહેવા દેવું જોઈએ.

(D) પૂરની સમસ્યા ઘટે છે, માટે વૃક્ષો કાપી નાખવા જોઈએ.

3. 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ' સિસ્ટમમાં 'ફિલ્ટર' (ગળણી) લગાવવી શા માટે ટેકનિકલ રીતે અત્યંત અનિવાર્ય છે?

(A) જેથી અગાશીનો કચરો કે ધૂળ જમીનમાં કે બોરવેલમાં જઈને તેને બ્લોક ન કરે.

(B) જેથી પાણીની ગતિ વધારી શકાય

(C) જેથી પાઈપલાઈનનો રંગ ન બદલાય.

(D) માત્ર દેખાવ માટે ફિલ્ટર જરૂરી છે.

4. કોઈ ઉદ્યોગપતિ પોતાની ફેક્ટરીમાં જળ સંચય કરે છે, તો તેને પર્યાવરણ અને વ્યવસાય - બંને રીતે શું ફાયદો થશે?

(A) તેને ઉત્પાદનમાં વધુ કેમિકલ વાપરવાની છૂટ મળશે.

(B) કંપનીની છત મજબૂત થશે અને પાણી વેચી શકાશે.

(C) તે પર્યાવરણનું જતન કરશે અને પોતાની ફેક્ટરી માટે જરૂરી પાણીની અછત સામે સુરક્ષિત થશે.

(D) સરકાર તેને ફેક્ટરી બંધ કરવા માટે કહેશે.

5. એક વિદ્યાર્થી તરીકે તમે 'જળ સંરક્ષણ' ના પ્રચાર માટે નીચેનામાંથી કઈ દલીલ સૌથી વધુ અસરકારક માનો છો?

(A) આપણે ગમે તેટલું પાણી વાપરી શકીએ છીએ કારણ કે દરિયામાં ઘણું પાણી છે.

(B) પાણી એ મફત કુદરતી સંપત્તિ છે, તેથી તેની બચત કરવાની જરૂર નથી.

(C) ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે લડાશે, માટે આજે ટીપે ટીપું બચાવવું એ જ સાચું રોકાણ છે.

(D) માત્ર ખેડૂતોએ જ પાણી બચાવવું જોઈએ, શહેરીજનોએ નહીં.

૭. વૃક્ષારોપણ કાર્યક્રમ (જાહેરાત)

આપેલ પેમ્ફલેટનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો.

૧: ગ્રીન અર્થ કલબ દ્વારા આ કાર્યક્રમ માટે '૧૫ ઓગસ્ટ' ની તારીખ જ શા માટે પસંદ કરવામાં આવી હશે?

(A) કારણ કે તે દિવસે બજારમાં છોડ સસ્તા મળતા હોય છે.

(B) આઝાદીના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે દેશને લીલોછમ (સ્વચ્છ-સુઘડ) બનાવવાનો સંકલ્પ લેવા માટે.

(C) કારણ કે તે દિવસે રવિવારની રજા જ હોય છે.

(D) સરદાર બાગ માત્ર ૧૫ ઓગસ્ટે જ ખૂલતો હોવાથી.

૨: જાહેરાતમાં લખ્યું છે કે "દરેક વિદ્યાર્થીએ એક છોડ સાથે લાવવો." આ સૂચના પાછળ આયોજકોનો મુખ્ય હેતુ શું હોઈ શકે?

(A) આયોજકોનો ખર્ચ બચાવવાનો.

(B) સરદાર બાગમાં છોડ ખૂટી ગયા હોવાથી.

(C) દરેક બાળકમાં પર્યાવરણ પ્રત્યે વ્યક્તિગત જવાબદારી અને છોડના ઉછેરની ભાવના જાગે તે માટે.

(D) વિદ્યાર્થીઓની શારીરિક શક્તિ ચકાસવા માટે.

3: કોઈ વિદ્યાર્થી અમદાવાદના સરદાર બાગ ખાતે સવારે ૯:૩૦ વાગ્યે પહોંચે છે, તો તેને કઈ મુશ્કેલી પડી શકે છે?

(A) બાગનો મુખ્ય દરવાજો બંધ થઈ ગયો હશે.

(B) કાર્યક્રમ સવારે ૮:૦૦ વાગ્યાનો હોવાથી કદાચ વૃક્ષારોપણની મુખ્ય પ્રવૃત્તિ પૂરી થઈ ગઈ હશે અથવા તે મોડો પડશે.

(C) તેને નવો છોડ ખરીદવા મળશે નહીં.

(D) ૧૫ ઓગસ્ટ હોવાથી તેને ધ્વજવંદન જોવા મળશે નહીં.

૪: આ જાહેરાતમાં કયા શબ્દો પરથી ખબર પડે છે કે આ પ્રવૃત્તિ પ્રકૃતિના રક્ષણ માટેની છે?

(A) તારીખ અને સમય

(B) સરદાર બાગ અને અમદાવાદ

(C) પર્યાવરણ, વૃક્ષારોપણ અને ગ્રીન અર્થ ક્લબ

(D) વિદ્યાર્થી અને સૂચના

૫: જાહેરાતમાં વપરાયેલ શબ્દ 'સવારે'નો વિરુદ્ધાર્થી શબ્દ નીચેનામાંથી કયો છે?

(A) રાત્રે (બ) પ્રભાતે

(C) સાંજે. (ડ) મધ્યાહને

૮. પુસ્તક પ્રદર્શન (જાહેરાત)

આપેલ જાહેરાતનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો

(૧)એક શિક્ષક પોતાના વર્ગના વિદ્યાર્થીઓને આ પ્રદર્શનમાં લઈ જવા ઈચ્છે છે, તો તેમણે સમયપત્રક ગોઠવતી વખતે કઈ બાબતનું ખાસ ધ્યાન રાખવું પડશે?

(A) પ્રદર્શન સાંજે ચાર વાગ્યા પછી શરૂ થશે.

(B) મુલાકાત નો સમય સવારે 9 થી બપોરે 4ની વચ્ચે જ હોવો જોઈએ.

(C) રવિવાર હોવાથી પ્રવેશ બંધ રહેશે.

(D) માત્ર પુખ્ત વયના લોકોને જ પ્રવેશ મળશે.

(૨) જો રમેશ તેના આઠ વર્ષના પુત્ર સાથે બપોરે 2:00 વાગ્યે પ્રદર્શનમાં જાય તો તેને ત્યાં શું લાભ મળી શકે છે અને તેના માટે કેટલો પ્રવેશ ફી ખર્ચ થશે?

(A) વાર્તા વાંચન અને ક્વિઝ સ્પર્ધાનો લાભ મળશે પણ ટિકિટના પૈસા ચૂકવવા પડશે.

(B) કોઈ કાર્યક્રમ જોવા મળશે નહીં પરંતુ પ્રવેશ મફત રહેશે.

(C) બાળકો માટેની વિશેષ સ્પર્ધાનો લાભ મળશે અને કોઈ પ્રવેશ ફી ચૂકવવી પડશે નહીં.

(D) બપોરે 2:00 વાગ્યે પ્રદર્શન બંધ થઈ ગયું હશે.

(૩) આ પ્રદર્શન અંગે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) આ કાર્યક્રમ રાજકોટના નગર પુસ્તકાલય ખાતે યોજાનાર છે.

(B) પ્રદર્શનનો કુલ સમયગાળો એક જ દિવસમાં સાત કલાકનો છે.

(C) પ્રદર્શનમાં પ્રવેશ મેળવવા માટે પૂર્વ નોંધણી ફી ભરવી ફરજીયાત છે.

(D) આ કાર્યક્રમ 20 સપ્ટેમ્બર 2026 ના રોજ આયોજિત છે.

(૪) પુસ્તક પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) રમત ગમત નો પ્રચાર

(B)વાંચનની આદત વિકસાવવી

(C)સંગીત કાર્યક્રમ

(D) ચિત્ર પ્રદર્શન

(૫)નિમેષ ધોરણ છ માં અભ્યાસ કરે છે તેના પપ્પા આ પ્રદર્શનમાં જવા ઈચ્છે છે તો તેઓ જઈ શકે?

(A) ના તેઓ ભણતા નથી.

(B) જો તેઓ ભણતા હોય તો..

(C) હા. આ જાહેર પ્રદર્શન છે.

(D) ના. આ શાળાનું પ્રદર્શન છે.

૯. હરણ અને શિયાળ (વાર્તા)

નીચે આપેલી વાર્તા ના આધારે એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

એક ગાઢ જંગલ હતું. એ જંગલમાં એક હરણ અને એક કાગડો રહેતા હતા. કાગડો ઘટાદાર વડ પર રહેતો હતો અને હરણ વડ પાસેની ઝડીમાં રહેતું હતું. બંને ખાસ મિત્રો હતા. દિવસમાં એક વાર બંને મળે નહીં તો એકબીજાને ચેન પડે નહીં. એકબીજાની સાચી વાત સ્વીકારે અને એ પ્રમાણે વર્તે પણ ખરા. જંગલમાં એક શિયાળ હતું. એ ઘણું લુચ્ચુ હતું. હરણને જોઈ ને એની દાનત બગડી. એને હરણનો શિકાર કરવાની ઈચ્છા થઈ. તે હરણને રોજ નવા નવા ખેતરમાં લઈ જવા લાગ્યું. હરણને સારું સારું ખાવાની મજા પડી ગઈ. કાગડાને શિયાળની લુચ્ચાઈનો ખ્યાલ આવી ગયો. કાગડાએ હરણને ચેતવ્યુ. પણ હરણને કાગડાની વાત ગળે ઉતરી નહીં. ખેતરના માલિકને ખબર પડી ગઈ. એક દિવસ ખેતરના માલિકે ખેતરમાં જાળ નાંખી. હરણ એમાં ફસાઈ ગયું. હરણ જાળમાં જ મરી જાય એની રાહ જોતું શિયાળ થોડે દૂર સંતાઈને બેઠુ. કાગડાએ હરણને ન જોયું એટલે એને તરત જ હરણને શોધવા નીકળી પડ્યો. ઉડતા ઉડતા એણે પેલા ખેતરમાં હરણને જાળમાં ફસાયેલું જોયું. કાગડાએ હરણને હિંમત આપતા કહ્યું, “ભાઈ, તું ફિકર કરીશ નહીં. તું મડદાની જેમ પડ્યું રહેજે હું કા...કા... બોલું એટલે તું દોડવા માંડજે.”

થોડીવાર પછી ખેતરનો માલિક ત્યાં આવ્યો. તેણે જાળમાં મરેલા હરણને જોયું અને જાળ ઉપાડી લીધી. તે જ વખતે કાગડો કા...કા... કરવા લાગ્યો. કાગડાનો અવાજ સાંભળી હરણ ઊભા થઈને દોડવા માંડ્યું. ખેતરના માલિકે હાથમાંની લાકડી હરણ તરફ ફેંકી, પણ હરણ તો દૂર નીકળી ગયું હતું. લાકડી ભાગતા શિયાળના માથા પર વાગી અને શિયાળના ત્યાં જ રામ રમી ગયા.

1. શિયાળ હરણને રોજ નવાં નવાં ખેતરોમાં કેમ લઈ જતું હતું?

(A) હરણને સારો ખોરાક ખવડાવીને તેની દોસ્તી ગાઢ બનાવવા

(B) હરણનો વિશ્વાસ જીતીને સમય જતાં તેનો શિકાર કરવા

(C) કાગડાથી હરણને દૂર રાખીને પોતાની સાથે રાખવા

(D) ખેતરના માલિકને મદદ કરવા

2. "હરણને કાગડાની વાત ગળે ઊતરી નહીં" - આ વાક્ય હરણના કયા ગુણ કે વર્તનનો નિર્દેશ કરે છે?

(A) તે ખૂબ અહંકારી હતું.

(B) તે કાગડા પર અવિશ્વાસ કરતું હતું.

(C) તે શિયાળની લુચ્ચાઈ સમજી ન શક્યું અને ભોળવાઈ ગયું.

(D) તે કાગડાની ભાષા સમજી શકતું નહોતું.

3. ખેતરમાં જાળમાં ફસાયેલા હરણને જોઈને શિયાળ થોડે દૂર સંતાઈને કેમ બેઠું?

(A) તેને કાગડાનો ડર હતો.

(B) તે ખેતરના માલિકથી બચવા માગતું હતું.

(C) તે હરણના મૃત્યુની રાહ જોતું હતું જેથી તેનો શિકાર કરી શકે.

(D) તે હરણને મદદ કરવા માટે યોગ્ય સમયની રાહ જોતું હતું.

4. કાગડાએ હરણને "મડદાની જેમ પડ્યા રહેવા"ની સલાહ શા માટે આપી?

(A) જેથી હરણ થાકી ન જાય.

(B) જેથી ખેતરનો માલિક હરણને મરેલું સમજીને જાળમાંથી બહાર કાઢી દે.

(C) જેથી શિયાળ તેને જોઈને જતું રહે.

(D) જેથી હરણ આરામ કરી શકે.

5. આ વાર્તામાંથી આપણને કયો મુખ્ય બોધપાઠ મળે છે?

(A) અજાણ્યા કે લુચ્ચા લોકોના દેખાવડા પ્રેમથી સંભાળવું અને સાચા મિત્રની ચેતવણી માનવી.

(B) ક્યારેય કોઈ ખેતરમાં ચરવા જવું નહીં.

(C) બીજા પ્રાણીઓ પર ક્યારેય વિશ્વાસ કરવો નહીં.

(D) મુશ્કેલીના સમયે એકલા જ ઉપાય શોધવો.

૧૦. ચકલી અને વાંદરો (વાર્તા)

આપેલ વાર્તાનું વાંચન કરી પ્રશ્નોના જવાબ આપો.

એક ખેતર હતું. તેમાં લીમડો,જાંબુડો,આસોપાલવ, આંબો જેવા ઘણા બધા વૃક્ષો હતાં.આ બધા વૃક્ષો પર જાત જાતના પક્ષીઓ રહે. ક્યારેક તો વાંદરા પણ હૂપાહૂપ કરતા આવે.આમાંથી આંબાના ઝાડ પર એક ચકલીએ પાંદડાં ,લાકડાની સળીઓ, પક્ષીઓના પીંછાં આવું બધું ભેગું કરીને એક માળો બનાવ્યો હતો. તેના માટે આ તેનું સુંદર મજાનું ઘર હતું. એક વખત અચાનક ખૂબ ભારે વરસાદ શરૂ થઈ ગયો એટલે બધા પક્ષીઓ અને જાનવરો પોત પોતાના ઘરમાં જતાં રહ્યા.ત્યાં એક વાંદરો પણ વરસાદથી બચવા માટે ચકલીના માળાની ડાળ પર જઈને પાંદડાઓની વચ્ચે છુપાઈને બેસી ગયો. તે ખૂબ જ પલળી ગયો હતો. તેને જોઈને માળામાં બેઠેલી ચકલી બોલી,' અલ્યા જાનવરો! તમે આ વરસાદ આવે તે પહેલા તમારું ઘર કેમ બનાવતા નથી?શું તમને ખબર નથી કે તમારે રહેવા માટે ઘરની પણ જરૂરિયાત પડે?'આમ ઠંડીમાં ધ્રુજવું તો ના પડત.ચકલીની વાત સાંભળીને વાંદરો તો ખીજાઈ ગયો ને ચકલીનો માળો એક જ ઝટકામાં તોડીને વેરવિખેર કરી નાખ્યો. ચકલી તો ડરી ગઈ ને આખી રાત બિચારી પલળતી પલળતી રોવા લાગી.

(૧) વાર્તામાં પક્ષીઓએ ઝાડ પર માળો બનાવવાનું મુખ્ય કારણ શું હોઈ શકે?

(A) રમવા માટે.

(B) વરસાદ અને અન્ય જોખમોથી બચવા માટે.

(C) ખોરાક છુપાવવા માટે.

(D) બીજા પક્ષીઓને ડરાવવા માટે.

(૨) આ વાર્તા આપણને ક્યું જીવન મૂલ્ય શીખવે છે?

(A) આળસ કરવી.

(B) પૂર્વ આયોજન અને મહેનતનું મહત્વ.

(C) બીજાની મજાક કરવી.

(D) સમય બગાડવો.

(૩) આ વાર્તાના આધારે કઈ કહેવત સૌથી વધુ યોગ્ય લાગે છે?

(A) સમયનું કામ સમય પર

(B) ઉતાવળે આંબા ન પાકે

(C)જેવું વાવો તેવું લણો

(D)એકતામાં શક્તિ

(૪) આ વાર્તાનો અંત બદલવો હોય તો સૌથી યોગ્ય વિકલ્પ કયો હોઈ શકે?

(A) બધા પાત્રો તૈયારી કરીને સુરક્ષિત રહે.

(B) બધાં જંગલ છોડીને ચાલ્યા જાય.

(C)કોઈ પણ મહેનત ન કરે.

(D) વાર્તા અધૂરી રહી જાય.

(૫) આ વાર્તા નો મુખ્ય સંદેશ ક્યો છે?

(A) મહેનત અને આયોજન સફળતા અપાવે છે.

(B) વરસાદ ખરાબ છે.

(C) પક્ષીઓ જ બુદ્ધિશાળી છે.

(D) જંગલમાં રહેવું મુશ્કેલ છે.

૧૧. મા (કાવ્ય/કવિતા)

નીચે આપેલ કાવ્ય વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

હતો હું સૂતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો?
મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.
સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે;
મને સુખ માટે કટુ કોણ ખાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.
દઇ છાતી સાથે બચી કોણ લેતું?
તજી તાજું ખાજું મને કોણ દેતું?
મને કોણ મુખે મીઠા ગીત ગાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.
પડું કે ચડું તો ખમ્મા આણી વાણી;
પડે પાપણે પ્રેમનાં પૂર પાણી;
પછી કોણ પોતા તણું દૂધ પાતું?
મહા હેતવાળી દયાળી જ મા તું.
-દલપતરામ

1. "સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે" - આ પંક્તિ દ્વારા માતાના કયા ગુણનું દર્શન થાય છે?

(A) માતાની ગરીબાઈ

(B) માતાનો સ્વાર્થ

(C) માતાનો ત્યાગ અને સમર્પણ

(D) માતાની અજ્ઞાનતા

2. 'પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે' - પંક્તિમાં 'પંડે' શબ્દનો અર્થ અને તેનો પંક્તિ સાથેનો યોગ્ય ભાવ કયો છે?

(A) 'પંડે' એટલે પંડિત; બાળક વિદ્વાન બને તે માટે મા ત્યાગ કરે છે.

(B) 'પંડે' એટલે પોતે/પોતાના શરીરે; બાળકના દુ:ખ વખતે મા પોતાના સુખ-સ્વાદ ત્યજી દે છે.

(C) 'પંડે' એટલે કપડાં; બાળકના કપડાં માટે મા પોતાના ખોરાકનો ત્યાગ કરે છે.

(D) 'પંડે' એટલે પંડા/પૂજારી; મા બાળક માટે પૂજા-પાઠ કરે છે.

3. કાવ્યના આધારે જણાવો કે બાળક પડે કે આખડે ત્યારે માતાના મુખમાંથી 'ખમા' શબ્દ શા માટે સરી પડે છે?

(A) બાળક પર ગુસ્સે થઈને તેને શિક્ષા કરવા
(B) બાળકને ડરાવવા અને સાવચેત કરવા
(C) બાળકની સુરક્ષા અને તેના પ્રત્યેની પ્રેમભાવના દર્શાવવા
(D) અન્ય લોકોને બતાવવા માટે

4. આ કાવ્યનું મુખ્ય સંદેશ શો છે?

(A) બાળકના બાળપણની રમતોનું વર્ણન
(B) માતાના નિઃસ્વાર્થ પ્રેમ અને અપાર કરુણાનો મહિમા
(C) પુત્રની માતા પ્રત્યેની સેવાભક્તિ
(D) બાળકના ખોરાક અને ગીતોની વાત

5. જો આ કાવ્યને અન્ય શીર્ષક આપવું હોય, તો નીચેનામાંથી સૌથી યોગ્ય શીર્ષક કયું ગણાય?

(A) પારણાની વાર્તા (B) મા તે મા
(C) બાળકનું બાળપણ (D) મીઠાં ગીતો

૧૨. પ્લાસ્ટિક અને પર્યાવરણ (સંવાદ)

નીચે આપેલ કાવ્ય વાંચી યોગ્ય વિકલ્પ પસંદ કરી એક થી પાંચ પ્રશ્નોના જવાબ આપો.

દિયા: "અરે પ્રિયા! તું તારા લંચ બોક્સ (ટિફિન) માંથી આ પ્લાસ્ટિકની ચમચી કેમ કચરાપેટીમાં ફેંકી રહી છે? હજુ તો એ એકદમ નવી અને સારી છે!"

પ્રિયા: "હા દિયા, પણ મેં ગઈકાલે જ વિજ્ઞાનના તાસમાં ભણ્યું કે સિંગલ-યુઝ (એક જ વાર વપરાતું) પ્લાસ્ટિક આપણા પર્યાવરણ માટે એક મોટો અભિશાપ છે. તે ક્યારેય જમીનમાં ઓગળતું (વિઘટન થતું) નથી."

દિયા: "વાહ, એ વાત તો સાચી છે. પણ આપણે એક નાની ચમચી ફેંકવાથી પર્યાવરણને શું મોટું નુકસાન થવાનું હતું?"

પ્રિયા: "વિચાર કર દિયા, જો આપણી શાળાના તમામ ૫૦૦ વિદ્યાર્થીઓ રોજ એક-એક પ્લાસ્ટિકની ચમચી કે નાની કોથળી ફેંકે, તો એક જ મહિનામાં કેટલો બધો પ્લાસ્ટિકનો કચરો ભેગો થાય! તે માટીની ફળદ્રુપતા બગાડે છે અને રખડતા પશુઓના પેટમાં જાય તો તેમનું મૃત્યુ પણ થઈ શકે છે."

દિયા: "બાપ રે! આ તો બહુ ગંભીર બાબત કહેવાય. ટેકનોલોજી અને આધુનિકતાના નામે આપણે પ્રકૃતિને કેટલું નુકસાન પહોંચાડી રહ્યા છીએ! કાલથી હું પણ સ્ટીલની ચમચી અને કપડાની થેલી જ વાપરીશ."

૧: પ્રિયાના મતે "આપણે એક નાની ચમચી ફેંકવાથી પણ મોટું નુકસાન થાય છે." આ વિધાન પાછળનો મુખ્ય તાર્કિક સિદ્ધાંત કયો છે?

(A) નાની વસ્તુઓથી કચરાપેટી જલ્દી ભરાઈ જાય છે.
(B) વ્યક્તિગત સ્તરે થતી નાની ભૂલો ભેગી થઈને ભવિષ્યમાં મોટી પર્યાવરણીય આફત બને છે.
(C) પ્લાસ્ટિકની ચમચી સ્ટીલની ચમચી કરતાં વધુ મોંઘી હોય છે.
(D) શાળાના મેદાનમાં કચરો કરવો એ શિસ્તની વિરુદ્ધ છે.

૨: જો કોઈ સોસાયટી પોતાના વિસ્તારને સંપૂર્ણ 'પ્લાસ્ટિક મુક્ત' બનાવવા માંગતી હોય, તો આ સંવાદમાંથી તેમને કયો શ્રેષ્ઠ વ્યવહારુ ઉકેલ મળે છે?

(A) સોસાયટીના બધા લોકોએ બજારમાંથી સામાન ખરીદવાનું બંધ કરી દેવું જોઈએ.

(B) સિંગલ-યુઝ પ્લાસ્ટિકના સ્થાને સ્ટીલના વાસણો અને કપડાની થેલીઓ જેવા પુનઃવપરાશ પાત્ર (Reusable) વિકલ્પો અપનાવવા.

(C) પ્લાસ્ટિકનો કચરો સોસાયટીની બહાર ગમે ત્યાં ફેંકી દેવો.

(D) સોસાયટીમાં મોટો કચરો એકઠો કરવા માટે રોબોટ રાખવા

3: દિયાએ પ્રિયાની વાત સાંભળીને કાલથી સ્ટીલની ચમચી વાપરવાનો નિર્ણય કેમ લીધો? આનાથી તેનામાં કયા ગુણનો વિકાસ થયો કહેવાય?

(A) તે પ્રિયાથી ડરી ગઈ હતી એટલે.

(B) તેનામાં પર્યાવરણ પ્રત્યે નૈતિક જવાબદારી અને જાગૃતિ (નવા જ્ઞાનનો સ્વીકાર) નો ગુણ ખીલ્યો.

(C) તેને નવી સ્ટીલની ચમચી ખરીદવાનો શોખ હતો.

(D) તે વિજ્ઞાન વિષયમાં પાસ થવા માંગતી હતી.

4: પ્રિયાના મતે પ્લાસ્ટિક એ જમીન અને પશુઓ માટે કઈ રીતે સૌથી મોટો ખતરો છે?

(A) પ્લાસ્ટિક બહુ મોંઘું હોવાથી આર્થિક નુકસાન કરે છે.

(B) તે માટીમાં લાખો વર્ષો સુધી ઓગળતું નથી અને પશુઓ તેને ખાય તો તેમનું મૃત્યુ થઈ શકે છે.

(C) તે જમીન પર સુંદર દેખાતું નથી.

(D) પ્લાસ્ટિકના કારણે પશુઓ ઝડપથી દોડી શકતા નથી.

5: 'આપણા પર્યાવરણ માટે એક મોટો અભિશાપ છે.' આ વાક્યમાં 'અભિશાપ' શબ્દનો વિરોધી શબ્દ કયો થાય?

(A) વરદાન (B) શાપ

(C) નુકસાન (D) આશીર્વાદ

જવાબ વિભાગ (Answer Key)

પ્રશ્ન-૧ (તાંબાના વાસણ)

૧. (B) આ ટેવ નુકસાનકારક છે, કારણ કે ખટાશવાળા પદાર્થો તાંબા સાથે રાસાયણિક પ્રક્રિયા કરી ખોરાકને ઝેરી બનાવી શકે છે.

૨. (C) તાંબુ અને એલ્યુમિનિયમ રસોઈ બનાવવા માટે સૌથી સલામત ધાતુઓ છે.

૩. (C) લોખંડનાં વાસણમાં

૪. (B) ફક્ત 1 અને 2

૫. (C) સિરામિક અથવા કાચનાં વાસણ

પ્રશ્ન-૨ (ગાંઠિયા)

૧. (B) કંદોઈ હથેળીના તાલે અને કૌશલ્યથી ગાંઠિયાને ચોક્કસ આકાર (ઘાટ) આપે છે એટલે

૨. (B) તે એક ચોક્કસ કૌશલ્ય અને સખત મહેનત/અભ્યાસ માંગી લેતી કળા છે.

૩. (A) તેમને ઘરાકી વચ્ચે કંદોઈની કામ કરવાની અદ્ભુત કળા અને ઝડપ જોવાનો મોકો મળતો હતો.

૪. (A) કોઈ પણ કામ નજરે સહેલું દેખાય પણ વાસ્તવમાં તેમાં કૌશલ્ય અને અનુભવની જરૂર હોય છે.

૫. (C) ગાંઠિયા પ્રત્યેના અતિશય પ્રેમ અને આનંદને કારણે થતી અનુભૂતિ

પ્રશ્ન-૩ (ગાંધીજી – પ્રાર્થના)

૧. (B) માનવીમાંથી અને ઈશ્વરમાંથી

૨. (C) કડવા અને જાહેર અનુભવોને કારણે

૩. (C) પ્રાર્થનાએ

૪. (B) તેઓ પાગલ બની ગયા હોત

૫. (B) નિરાશાનો અંધકાર

૬. (C) આશા

પ્રશ્ન-૪ (બાળકની ભૂલ અને કેળવણી)

૧. (B) બાળકમાં ભૂલનો સ્વીકાર કરવાની હિંમત જળવાઈ રહે અને સુધારાત્મક શિક્ષણ મળે.

૨. (C) તેને પ્રેમપૂર્વક અને માયાળુપણે સમજાવવું

૩. (C) ભૂલનો સ્વીકાર કરવા બદલ તેને ક્ષમા આપી ભૂલ ક્યાં થઈ તે પ્રેમથી સમજાવી પુનરાવર્તન ન થાય તે માટે માર્ગદર્શન આપવું.

૪. (A) ભવિષ્યમાં એવી ભૂલ ફરી ન કરવાની શિખામણ

૫. (B) કેળવણી

પ્રશ્ન-૫ (સોલાર પમ્પ)

૧. (B) ૪૦% સુધીની સરકારી સબસીડી, ૫ વર્ષ સુધી ફ્રી મેઇન્ટેનન્સ અને ફ્રી સાઈટ સર્વે

૨. (D) ખુલ્લા ખેતરમાં પાક માટે સોલાર પમ્પ લગાવનાર ખેડૂત

૩. (C) ઔદ્યોગિક કારખાના, વાણિજ્યિક શોપિંગ કોમ્પ્લેક્સ/હોસ્પિટલ અને રહેણાંક સોસાયટી/ઘર – આ તમામ માટે

૪. (C) ૨૫ વર્ષ

૫. (B) પ્રદૂષણ મુક્ત ઊર્જા અપનાવીને પર્યાવરણનું જતન થાય છે.

પ્રશ્ન-૬ (વરસાદી પાણી)

૧. (B) તે જમીનમાં ઉતરેલા પાણી દ્વારા ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવશે, જેનાથી કૂવા રિચાર્જ થશે.

૨. (B) જમીન પાણી શોષી શકતી નથી, માટે અગાશીના પાણીને સીધું જમીનમાં ઉતારવું જોઈએ.

૩. (A) જેથી અગાશીનો કચરો કે ધૂળ જમીનમાં કે બોરવેલમાં જઈને તેને બ્લોક ન કરે.

૪. (C) તે પર્યાવરણનું જતન કરશે અને પોતાની ફેક્ટરી માટે જરૂરી પાણીની અછત સામે સુરક્ષિત થશે.

૫. (C) "ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે લડાશે, માટે આજે ટીપે ટીપું બચાવવું એ જ સાચું રોકાણ છે."

પ્રશ્ન-૭ (વૃક્ષારોપણ)

૧. (B) આઝાદીના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે દેશને લીલોછમ (સ્વચ્છ-સુઘડ) બનાવવાનો સંકલ્પ લેવા માટે.

૨. (C) દરેક બાળકમાં પર્યાવરણ પ્રત્યે વ્યક્તિગત જવાબદારી અને છોડના ઉછેરની ભાવના જાગે તે માટે.

૩. (B) કાર્યક્રમ સવારે ૮:૦૦ વાગ્યાનો હોવાથી કદાચ વૃક્ષારોપણની મુખ્ય પ્રવૃત્તિ પૂરી થઈ ગઈ હશે અથવા તે મોડો પડશે.

૪. (C) પર્યાવરણ, વૃક્ષારોપણ અને ગ્રીન અર્થ ક્લબ

૫. (C) સાંજે

પ્રશ્ન-૮ (પુસ્તક પ્રદર્શન)

૧. (B) મુલાકાતનો સમય સવારે ૭ થી બપોરે 4ની વચ્ચે જ હોવો જોઈએ.

૨. (C) બાળકો માટેની વિશેષ સ્પર્ધાનો લાભ મળશે અને કોઈ પ્રવેશ ફી ચૂકવવી પડશે નહીં.

૩. (C) પ્રદર્શનમાં પ્રવેશ મેળવવા માટે પૂર્વ નોંધણી ફી ભરવી ફરજીયાત છે.

૪. (B) વાંચનની આદત વિકસાવવી

૫. (C) હા. આ જાહેર પ્રદર્શન છે.

પ્રશ્ન-૯ (હરણ-શિયાળ)

૧. (B) હરણનો વિશ્વાસ જીતીને સમય જતાં તેનો શિકાર કરવા.

૨. (C) તે શિયાળની લુચ્ચાઈ સમજી ન શક્યું અને ભોળવાઈ ગયું.

૩. (C) તે હરણના મૃત્યુની રાહ જોતું હતું જેથી તેનો શિકાર કરી શકે.

૪. (B) જેથી ખેતરનો માલિક હરણને મરેલું સમજીને જાળમાંથી બહાર કાઢી દે.

૫. (A) અજાણ્યા કે લુચ્ચા લોકોના દેખાવડા પ્રેમથી સંભાળવું અને સાચા મિત્રની ચેતવણી માનવી.

પ્રશ્ન-૧૦ (ચકલી-વાંદરો)

૧. (B) વરસાદ અને અન્ય જોખમોથી બચવા માટે.

૨. (B) પૂર્વ આયોજન અને મહેનતનું મહત્વ.

૩. (A) સમયનું કામ સમય પર

૪. (A) બધા પાત્રો તૈયારી કરીને સુરક્ષિત રહે.

૫. (A) મહેનત અને આયોજન સફળતા અપાવે છે.

પ્રશ્ન-૧૧ (મા – કવિતા)

૧. (C) માતાનો ત્યાગ અને સમર્પણ

૨. (B) 'પંડે' એટલે પોતે/પોતાના શરીરે; બાળકના દુઃખ વખતે મા પોતાના સુખ-સ્વાદ ત્યજી દે છે.

૩. (C) બાળકની સુરક્ષા અને તેના પ્રત્યેની પ્રેમભાવના દર્શાવવા

૪. (B) માતાના નિઃસ્વાર્થ પ્રેમ અને અપાર કરુણાનો મહિમા

૫. (B) મા તે મા

પ્રશ્ન-૧૨ (પ્લાસ્ટિક – સંવાદ)

૧. (B) વ્યક્તિગત સ્તરે થતી નાની ભૂલો ભેગી થઈને ભવિષ્યમાં મોટી પર્યાવરણીય આફત બને છે.

૨. (B) સિંગલ-યુઝ પ્લાસ્ટિકના સ્થાને સ્ટીલના વાસણો અને કપડાની થેલીઓ જેવા પુનઃવપરાશ પાત્ર (Reusable) વિકલ્પો અપનાવવા.

૩. (B) તેનામાં પર્યાવરણ પ્રત્યે નૈતિક જવાબદારી અને જાગૃતિ (નવા જ્ઞાનનો સ્વીકાર) નો ગુણ ખીલ્યો.

૪. (B) તે માટીમાં લાખો વર્ષો સુધી ઓગળતું નથી અને પશુઓ તેને ખાય તો તેમનું મૃત્યુ થઈ શકે છે.

૫. (A) વરદાન

ગણિત

પ્રકરણ 1: ગણિતમાં પેટર્ન

❖ નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) ક્રમિક ષટકોણીય સંખ્યાઓ ઉમેરવાથી કઈ નવી સંખ્યા શ્રેણી મળે છે ?

(A) ચોરસ સંખ્યાઓ (B) ત્રિકોણીય સંખ્યાઓ

(C) વર્ગ સંખ્યાઓ (D) ઘન સંખ્યાઓ

(2) વિરહંક શ્રેણીમાં જો 10 મું પદ 55 અને 12 મું પદ 144 હોય તો 11 મું પદ શું હશે ?

(A) 90 (B) 89 (C) 77 (D) 199

(3) ષટકોણીય સંખ્યાઓની શ્રેણીમાં n મી સંખ્યા શોધવા માટે જો તમે ત્રિકોણીય સંખ્યાનો ઉપયોગ કરો, તો સાચો સંબંધ કયો છે ?

(A) 6 × ત્રિકોણીય સંખ્યા (B) 6 × ત્રિકોણીય સંખ્યા + 1

(C) 3 × ત્રિકોણીય સંખ્યા (D) ત્રિકોણીય સંખ્યા × ત્રિકોણીય સંખ્યા

(4) ચડતી - ઉતરતી પેટર્ન મુજબ 1+2+3+.......... +n+ ....+3+2+1 = 144 હોય, તો મધ્યમ સંખ્યા n કઈ હશે?

(A) 10 (B) 11 (C) 12 (D) 13

(5) ત્રિકોણીય સંખ્યાઓની શ્રેણી 1,3,6,10,15,......... માં બે પદો વચ્ચેનો તફાવત હંમેશા કેવો હોય છે ?

(A) માત્ર એકી સંખ્યા (B) માત્ર બેકી સંખ્યા (C) અચળ (D) ગણતરીની સંખ્યા જેવો

(6) નીચેની પેટર્ન જુઓ :

32 = 9 = 4 + 5

52 = 25 = 12 + 13

72 = 49 = 24 + 25

આ પેટર્ન મુજબ 92 ને કઈ બે ક્રમિક સંખ્યાઓના સરવાળા તરીકે લખી શકાય ?

(A) 40+40 (B) 40+41 (C) 80+1 (D) 39+42

(7) જો 1=1, 1+3=4, 1+3+5=9, 1+3+5+7=16, ……… તો 1+3+5+7+9+……+21= ?

(A) 100 (B) 121 (C) 10 (D) 1

(8) પ્રથમ 9 એકી સંખ્યાનો સરવાળો કેટલો થાય ?

(A) 18 (B) 72 (C) 81 (D) 90

(9) નીચેનામાંથી કઈ સંખ્યા ઘન સંખ્યા તેમજ 2 ની ઘાતવાળી સંખ્યા છે ?

(A)64 (B) 125 (C) 32 (D) 128

(10) જો એકબીજા પર ગોઠવાયેલા ત્રિકોણની શ્રેણીની શરૂઆત ત્રિકોણથી થતી હોય તો શ્રેણીની 4 થી આકૃતિના પાયામાં કેટલા ત્રિકોણ હશે ?

(A) 5 (B) 7 (C) 6 (D) 8

પ્રકરણ 2 રેખાઓ અને ખૂણાઓ

(1) 270° એટલે કેટલા કાટખૂણા ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(2) નીચેનામાંથી કઈ લાક્ષણિકતા રેખાખંડની નથી?

(A) બે બિંદુઓને જોડતો સૌથી ટૂંકો માર્ગ (B) રેખાનો એક ભાગ

(C) તે બંને દિશામાં અનંત સુધી વિસ્તરે છે (D) તે બે અંત્યબિંદુઓ ધરાવે છે

(3) નીચેનામાંથી ક્યો વિકલ્પ ગુરૂકોણ, કાટકોણ, લઘુકોણ, સરળકોણ, પ્રતિબિંબકોણ તેના અનુક્રમ પ્રમાણે દર્શાવે છે ?

(A) 29°, 90°, 104°, 180°, 210° (B) 104°, 90°, 29°, 210°, 180°

(C) 104°, 90°, 210°, 180°, 29° (D) 104°, 90°, 29°, 180°, 210°

(4) જો બે ખૂણાઓનો સરવાળો પૂર્ણકોણ હોય તો તે બે ખૂણાઓ માટે નીચેનામાંથી ક્યો વિકલ્પ સાચો છે ?

(A)બંને ખૂણા લઘુકોણ હોય (B) બંને ખૂણા કાટકોણ હોય

(C) બંને ખૂણા સરળકોણ હોય (D) બંને ખૂણા ગુરૂકોણ હોય

(5) જો એક સાઇકલનાં પૈડામાં 36 આરા હોય તો બે ક્રમિક આરા વચ્ચેનો ખૂણો કેટલો થાય ?

(A) 8° (B) 10° (C) 12° (D) 15°

(6) નીચેની આકૃતિમાં <Q શું દર્શાવે છે ?



(A) સરળકોણ (B) પ્રતિબિંબકોણ (C) ગુરૂકોણ (D) લઘુકોણ

(7) જે ખૂણાનું માપ સરળકોણ કરતાં ઓછું અને કાટકોણ કરતાં વધુ હોય તો તે ખૂણાને શું કહેવાય ?

(A) લઘુકોણ (B) પ્રતિબિંબકોણ (C) કાટકોણ (D) ગુરૂકોણ

(8) વર્તુળને 1 થી 10 સુધીના અંકો પૈકી ક્યા અંક વડે એકસમાન પૂર્ણ ભાગમાં વિભાજીત કરી શકાતું નથી ?

(A)5 (B) 6 (C) 7 (D) 8

(9) ઘડિયાળમાં 5:22 વાગ્યે બે કાંટા વચ્ચે કેટલા માપનો ખૂણો બનશે ?

(A)12° (B) 29° (C) 20° (D) 24

(10) નીચેનામાંથી ઘડિયાળનો કયો સમય બે કાંટા વચ્ચે કાટકોણથી ઓછું માપ દર્શાવે છે ?

(A)2:10 વાગ્યે (B) 2:30 વાગ્યે (C)2:40 વાગ્યે (D) 2:50 વાગ્યે

પ્રકરણ 3 સંખ્યાની રમત

(1) જો 5 બાળકો એક હરોળમાં ઊભા હોય અને દરેક બાળક પોતાની બાજુમાં ઊભેલા પોતાનાથી ઊંચા પડોશીઓની સંખ્યા બોલે, તો ક્યાં ક્રમમાં ઊભા રહેવાથી 1,1,1,1,0 શ્રેણી મળશે ?

(A) વચ્ચે સૌથી ઊંચું (B) વચ્ચે સૌથી નીચું (C) ચડતો ક્રમ (D) ઊતરતો ક્રમ

(2) 3×3 નાં કોષ્ટકમાં મહતમ કેટલા વિશિષ્ટ ખાના શક્ય છે જો પડોશીખાનું ડાબી, જમણી, ઉપર અને નીચેનું ખાનું ગણવામાં આવે ?

(A) 0 (B) 1 (C) 3 (D) 5

(3) 1 થી 1000 સુધીની સંખ્યાઓમાં અંક '7' કેટલી વાર આવે છે ?

(A) 200 (B) 250 (C) 300 (D) 350

(4) કોષ્ટકમાં ' સૌથી નાની સંખ્યા ' ધરાવતું ખાનું શું ક્યારેય વિશિષ્ટ ખાનું હોઈ શકે ?

(A) માત્ર જો તે ખૂણામાં હોય તો (B) જો તે વચ્ચે હોય તો

(C) જો બધા અંકો સમાન હોય તો (D) ક્યારેય નહીં

(5) નીચેનામાંથી કઈ સંખ્યા ઉલટાવીને ઉમેરવાથી માત્ર એક જ સ્ટેપમાં પેલિન્ડ્રોમ સંખ્યા મળે ?

(A) 89 (B) 76 (C) 34 (D) 48

(6) 35000 થી 75000 વચ્ચેની 5 અંકની સંખ્યા જેનાં બધા અંકો એકી છે તેમજ તે 50000 ની સૌથી નજીકની સંખ્યા છે તો તે સંખ્યા કઈ હોય ?

(A) 39999 (B) 50001 (C) 49999 (D) 51111

(7) 3 અંકની કાપરેકર પ્રક્રિયાનો અંતિમ અચળાક ક્યો છે ?

(A) 298 (B) 367 (C) 6174 (D) 495

(8) જો 4 અંકની કોઈ પેલિન્ડ્રોમ સંખ્યા abba સ્વરૂપમાં હોય, તો તે હંમેશા નીચેનામાંથી કઈ સંખ્યા વડે નિઃશેષ ભાગી શકાય ?

(A) 7 (B) 11 (C) 3 (D) 9

(9) એક પુસ્તકનાં પાના પર 1 થી 250 સુધીના પાનાનંબર લખવા માટે કુલ કેટલા અંકોની જરૂર પડે ?

(A)642 (B) 639 (C)640 (D) 641

(10) 3 અંકની એવી કેટલી પેલિન્ડ્રોમ સંખ્યાઓ છે જે એકી સંખ્યાઓ પણ હોય ?

(A)40 (B) 45 (C) 50 (D) 55

(11) જો A+B+C = 15 હોય અને A,B,C એ 3 અંકની સંખ્યા હોય તેમજ A,B,C ના અંકો અલગ અલગ હોય, તો ABC+BCA+CAB ની કિંમત કેટલી થાય ?

(A)1111 (B) 1500 (C) 1555 (D) 1665

(12) 24 કલાકની ડિજિટલ ઘડિયાળમાં (00)00 થી 23)59 સુધી) એક આખા દિવસમાં કુલ કેટલી વાર પેલિન્ડ્રોમિક સમય દેખાય છે ?

(A)16 (B) 12 (C) 18 (D) 24

(13) કોલત્ઝ અનુમાનમાં જો શરૂઆતની સંખ્યા 5 હોય, તો 1 સુધી પહોંચવા માટે કુલ કેટલા પગલાં લાગશે ?

(A)4 (B) 5 (C) 6 (D) 7

(14) 3×3 નાં ખાનામાં વધુ માં વધુ કેટલા 'વિશિષ્ટ ખાના' હોઈ શકે ?

(A)1 (B) 4 (C) 5 (D) 9

પ્રકરણ 4. માહિતીનું નિયમન અને રજૂઆત

(1) જો લંબાલેખમાં 1 એકમ લંબાઈ = 100 વાહનો હોય, તો 450 વાહનો માટે સ્તંભની ઊંચાઈ કેટલી હશે ?

(A)4.25 એકમ (B) 4.05 એકમ (C) 4.50 એકમ (D) 4 એકમ

(2) નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં આડો લંબાલેખ વાપરવો વધુ સાહજિક છે ?

(A) વર્ગનાં બાળકોની ઊંચાઈ દર્શાવવા (B) છોડની વૃદ્ધિ માપવા

(C) પર્વતનાં શિખરોની ઊંચાઈ દર્શાવવા (D) દુનિયાની લાંબી નદીઓની લંબાઈની સરખામણી કરવ

(3) લંબાલેખમાં જો સ્તંભની પહોળાઈ બમણી કરવામાં આવે તો માહિતીના અર્થઘટનમાં શું ફેરફાર થાય ?

(A) માહિતીનાં મૂલ્યમાં કોઈ ફેરફાર ન થાય (B) માહિતી વધુ ચોક્કસાઈથી વાંચી શકાય

(C) આલેખ ખોટો ગણાય (D) માહિતીનું મૂલ્ય બમણું થઈ જાય

(4) જો એક આવૃતિ કોષ્ટકમાં સંખ્યા 13 દર્શાવવાની હોય, તો આવૃતિચિહ્નોનો સાચો સમૂહ ક્યો હશે ?

(A)13 સ્વતંત્ર ઊભી લીટીઓ (B) ત્રણ પૂર્ણ જૂથ (5 ના) માંથી 2 ઓછી લીટીઓ

(C) એક પૂર્ણ જૂથ (5 નું) અને 8 ઊભી લીટીઓ (D) બે પૂર્ણ જૂથ (5 ના) અને 3 ઊભી લીટીઓ

(5) જો લંબાલેખમાં સૌથી નીચો સ્કોર 0 અને સૌથી ઊંચો સ્કોર 100 હોય, તો 1 એકમ લંબાઈ = 1 રનનું પ્રમાણમાપ કેમ ન લેવું જોઈએ ?

(A) સ્તંભોની પહોળાઈ વધી જશે (B) ગણતરી ખોટી પડશે

(C) ઝીરો દર્શાવી શકાશે નહીં (D) આલેખ બિનજરૂરી રીતે લાંબો થઈ જશે

(6) ચિત્રઆલેખ વાંચતી વખતે કઈ બાબત સૌથી મહત્વની છે ?

(A) ચિત્રોનો રંગ

(B) ચિત્રનાં પ્રમાણમાપની નોંધ

(C) ચિત્ર કેટલું સુંદર છે તે

(D) ચિત્રોની આડી ગોઠવણી

(7) ટ્રાફિકના આલેખમાં સવારે 6 થી 7 ના સમયમાં ટ્રાફિક સૌથી ઓછો હોવાનુ સંભવિત કારણ શું હોઈ શકે ?

(A) વાહનોની સંખ્યા ઓછી થઈ ગઈ હોય

(B) પોલીસે ગાડીઓ રોકી હોય

(C) રસ્તાઓ બંધ હોય

(D) મોટાભાગનાં લોકો હજુ જાગ્યા ન હોય અથવા નોકરી પર જવાનો સમય ન થયો હોય

(8) કઈ રજૂઆત માહિતીની સરખામણી કરવામાં સૌથી વધુ ઝડપી છે ?

(A) લખેલું લખાણ

(B) માહિતીની યાદી

(C) આવૃતિ કોષ્ટક

(D) લંબાલેખ

(9) માહિતીનું નિયમન શા માટે કરવામાં આવે છે ?

(A) નોટબુક ભરવા માટે

(B) વિશિષ્ટ પ્રશ્નોના જવાબ શોધવા અને નિર્ણયો લેવા માટે

(C) માત્ર સુંદર ચિત્રો દોરવા માટે

(D) ગણિતનું હોમવર્ક પૂરું કરવા માટે

(10) જો લંબાલેખમાં સ્તંભો વચ્ચેનું અંતર અચાનક વધારી દેવામાં આવે તો માહિતી પર શું અસર થાય ?

(A) આલેખ વધુ સાચો ગણાય

(B) સ્તંભોની લંબાઈ વધી જાય

(C) માહિતીનું મૂલ્ય ઓછું થઈ જાય

(D) કોઈ ગાણિતિક અસર ન થાય પણ આલેખ જોવામાં વિચિત્ર લાગે

(11) પંકજ નીચેના પ્રશ્નોનાં જવાબ આપવા માંગે છે, તો નીચેનામાંથી કયા (નો જવાબ આપવા તેણે માહિતી એકત્રિત કરવાની જરૂર નથી ?

(A) બાળકોને કઈ મીઠાઈ વધુ ભાવે છે ?

(B) તમારા વર્ગમાં સૌથી વધુ લોકપ્રિય રમત કઈ છે ?

(C) ભારતની રાજધાની કઈ છે ?

(D) તમારા વિસ્તારમાં વૃક્ષોની સંખ્યા કેટલી છે ?

(12) લંબાલેખમાં બે સ્તંભો વચ્ચેની જગ્યા સમાન શા માટે રાખવામાં આવે છે ?

(A) ચિત્રો દોરવા માટે

(B) કાગળ બચાવવા માટે

(C) તે ગાણિતિક નિયમ છે કે જગ્યા ન હોય તો આલેખ ખોટો પડે

(D) શ્રેણીઓ સ્વતંત્ર છે તે દર્શાવવા અને આલેખ સ્પષ્ટ દેખાય તે માટે

(13) ભારતની વસ્તી દર્શાવવા માટે 1 એકમ લંબાઈ = 1 વ્યક્તિ કેમ ન લઈ શકાય ?

(A) કારણકે લોકોની ગણતરી મુશ્કેલ છે

(B) કારણકે વસ્તી દરરોજ બદલાય છે

(C) કારણકે બધા લોકો સરખા હોતા નથી

(D) કારણકે વસ્તી કરોડોમાં હોય છે અને એટલો મોટો સ્તંભ દોરવો અશક્ય છે

(14 થી 16) નીચેનું કોષ્ટક સળંગ પાંચ વર્ષ પસંદ કરેલ એન્જિનિયરીંગનાં વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવે છે.

વર્ષ	2010	2011	2012	2013	2014
વિદ્યાર્થીઓની સંખ્યા	30000	35000	40000	45000	50000

જો એક [] = 500 વિદ્યાર્થીઓ હોય તો નીચેના પ્રશ્નોનાં જવાબ આપો.

(14) વર્ષ 2012માં એન્જિનિયરીંગ પસંદ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવવી હોય તો કેટલા [] ની જરૂર પડે ?

(A)70 (B) 75 (C) 80 (D) 85

(15) વર્ષ 2010 થી 2013 સુધી એન્જિનિયરીંગ પસંદ કરેલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા દર્શાવવી હોય તો કેટલા [] ની જરૂર પડે ?

(A) 200 (B) 250 (C) 280 (D) 300

(16) વર્ષ 2014 કરતાં વર્ષ 2010 માં એન્જિનિયરીંગ પસંદ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવવા કેટલા ઓછા [] ની જરૂર પડે ?

(A) 30 (B) 40 (C) 50 (D) 60

પ્રકરણ 5 અવિભાજ્ય સંખ્યાઓ

(1) સંખ્યા 1 વીશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) તે અવિભાજ્ય છે (B) તે બેકી સંખ્યા છે (C) તે વિભાજ્ય છે. (D) તે વિશિષ્ટ સંખ્યા છે

(2) ‘ ઈડલી - વડા ‘ રમતમાં જો રમત 1 થી 50 સુધી રમાય, તો ‘ ઈડલી - વડા ‘ 3 અને 5 નાં સામાન્ય અવયવી તરીકે કેટલી વાર બોલશે ?

(A) 2 વાર (B) 3 વાર (C) 5 વાર (D) 6 વાર

(3) જો કોઈ સંખ્યા 8 વડે વિભાજ્ય હોય, તો તે સંખ્યા ફરજિયાત બીજી કઈ સંખ્યા વડે વિભાજ્ય હશે જ ?

(A) 3 વડે (B)4 વડે (C)5 વડે (D) 6 વડે

(4) જો સંખ્યાઓ ક્રમિક હોય, તો તેઓ હંમેશા કેવી સંખ્યાઓ હશે ?

(A) અવિભાજ્ય (B) સંપૂર્ણ (C) બેકી (D) સહ - અવિભાજ્ય

(5) સૌથી નાની વિભાજ્ય સંખ્યા અને સૌથી નાની અવિભાજ્ય સંખ્યાનો ગુણાકાર કેટલો થાય ?

(A)4 (B) 6 (C) 8 (D) 1

(6) કયાં અંક પર પૂરી થતી સંખ્યા ક્યારેય અવિભાજ્ય ન હોઈ શકે જો તે સંખ્યા 9 થી મોટી હોય ?

(A)1 (B) 3 (C) 5 (D) 7

(7) સંપૂર્ણ સંખ્યા 6 નાં બધા અવયવોનો સરવાળો કેટલો થાય ?

(A)6 (B) 3 (C) 12 (D) 18

(8) તમે 2,4 અને 5 અંકોનો દરેકનો એક વાર ઉપયોગ કરીને ત્રણ અંકની કેટલી અવિભાજ્ય સંખ્યા બનાવી શકો ?

(A)0 (B) 1 (C) 3 (D) 6

(9) બે અંકની સૌથી નાની અવિભાજ્ય યુગ્મની જોડી કઈ છે ?

(A) 3 અને 5 (B) 11 અને 13 (C) 17 અને 19 (D) 19 અને 21

(10) ઇરેટોસ્થેનિસની ચાળણીમાં 2 ના બધા અવયવી પર ચોકડી માર્યા પછી કયાં અંક પર વર્તુળ કરવામાં આવે છે ?

(A) 1 (B) 3 (C) 5 (D) 7

પ્રકરણ 6 પરિમિતિ અને ક્ષેત્રફળ

(1) બે ચોરસના ક્ષેત્રફળનો ગુણોત્તર 1:9 છે, તો તેમની પરિમિતિનો ગુણોત્તર કેટલો થાય?

(A) 1:3 (B) 1:9 (C) 1:81 (D) 3:1

(2) એક તારમાંથી 12 સેમી લંબાઈ અને 6 સેમી પહોળાઈનો લંબચોરસ બનાવ્યો છે. હવે તે જ તારને વાળીને એક સમભુજ ત્રિકોણ બનાવવામાં આવે તો ત્રિકોણની બાજુની લંબાઈ કેટલી થશે?

(A) 6 સેમી (B) 12 સેમી (C) 18 સેમી (D) 36 સેમી

(3) 36 ચોરસ સેમી ક્ષેત્રફળ ધરાવતા વિવિધ લંબચોરસોમાંથી કયા લંબચોરસની પરિમિતિ સૌથી વધુ હશે?

(A) 36 સેમી× 1 સેમી (B) 18 સેમી× 2 સેમી

(C) 9 સેમી× 4 સેમી (D) 6 સેમી× 6 સેમી

(4) એક ચોરસ કાગળને બરાબર વચ્ચેથી વાળીને બે સમાન લંબચોરસ બનાવવામાં આવે છે. જો એક લંબચોરસની પરિમિતિ 30 સેમી હોય, તો મૂળ ચોરસની બાજુની લંબાઈ કેટલી હશે?

(A) 10 સેમી (B) 15 સેમી (C) 20 સેમી (D) 5 સેમી

(5) 5 સેમી બાજુવાળા ચોરસના ચારેય ખૂણેથી 1 સેમી બાજુવાળા નાના ચોરસ કાપી લેવામાં આવે છે. બાકી વધતી આકૃતિની પરિમિતિ કેટલી થશે?

(A) 16 સેમી (B) 20 સેમી (C) 24 સેમી (D) 12 સેમી

(6) નિયમિત ષટ્કોણની પરિમિતિ 72 સેમી છે. તેની એક બાજુ પર ચોરસ બનાવવામાં આવે તો તે ચોરસનું ક્ષેત્રફળ કેટલું થાય?

(A) 144 ચોરસ સેમી (B) 36 ચોરસ સેમી

(C) 72 ચોરસ સેમી (D) 576 ચોરસ સેમી

(7) 20 મીટર ×15 મીટરના એક હોલમાં 25 સેમી બાજુવાળી કેટલી ચોરસ લાદીઓ બેસાડી શકાય?

(A) 480 (B) 4800 (C) 1200 (D) 2400

(8) એક 40 મીટર બાજુવાળા ચોરસ બગીચાની અંદરની બાજુએ ચારેય તરફ 2 મીટર પહોળો રસ્તો છે. આ રસ્તાનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 304 ચોરસ મીટર (B) 144 ચોરસ મીટર

(C) 320 ચોરસ મીટર (D) 256 ચોરસ મીટર

(9) એક સમભુજ ત્રિકોણ અને ચોરસની બાજુની લંબાઈ સમાન છે. ત્રિકોણની પરિમિતિ અને ચોરસની પરિમિતિનો ગુણોત્તર કેટલો થાય?

(A) 4:3 (B) 3:4 (C) 1:1 (D) 9:16

(10) 3 સેમી બાજુવાળા 5 ચોરસને એક હરોળમાં જોડીને એક લંબચોરસ બનાવવામાં આવે છે. આ બનતા લંબચોરસની પરિમિતિ કેટલી થશે?

(A) 36 સેમી (B) 30 સેમી (C) 60 સેમી (D) 45 સેમી

(11) એક લંબચોરસ ખેતરની લંબાઈ 50 મીટર અને પહોળાઈ 30 મીટર છે. આ ખેતરની ફરતે 3 સ્તરમાં તારની વાડ કરવાનો ખર્ચ પ્રતિ મીટર ₹ 15 લેખે કેટલો થાય?

(A) ₹ 2400 (B) ₹ 7200 (C) ₹ 4800 (D) ₹ 3600

(12) એક અસમાન પંચકોણની પાંચેય બાજુઓના માપ ક્રમિક પૂર્ણાંક સંખ્યાઓ (n, n+1, n+2, n+3, n+4) છે. જો તેની પરિમિતિ 65 સેમી હોય, તો સૌથી મોટી બાજુનું માપ કેટલું હશે?

(A) 11 સેમી (B) 13 સેમી (C) 15 સેમી (D) 17 સેમી

(13) એક 6 મીટર 4 મીટરની દિવાલમાં 2 મીટર 1.5 મીટરનું એક બારણું છે. બારણા સિવાયની દિવાલ પર રંગ કરવાનો ખર્ચ પ્રતિ ચોરસ મીટર ₹ 80 હોય, તો કુલ ખર્ચ કેટલો થાય?

(A) ₹ 1920 (B) ₹ 1680 (C) ₹ 1440 (D) ₹ 1800

(14) 1.5 હેક્ટર જમીનમાંથી 200 ચોરસ મીટરના કેટલા પ્લોટ બનાવી શકાય? (નોંધ: 1 હેક્ટર = 10,000 ચોરસ મીટર)

(A) 75 (B) 750 (C) 150 (D) 300

(15) 100 ચોરસ સેમી ક્ષેત્રફળ ધરાવતા ચોરસને તેના વિકર્ણ પરથી કાપીને બે સમાન ત્રિકોણ બનાવવામાં આવે છે. દરેક ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 25 ચોરસ સેમી (B) 50 ચોરસ સેમી

(C) 75 ચોરસ સેમી (D) 100 ચોરસ સેમી

(16) લંબચોરસ A નું માપ 12 સેમી × 1 સેમી છે અને લંબચોરસ B નું માપ 6 સેમી× 2 સેમી છે. બંનેની પરિમિતિ વચ્ચે શું સંબંધ છે?

(A) A ની પરિમિતિ B કરતાં વધુ છે (B) B ની પરિમિતિ A કરતાં વધુ છે

(C) બંનેની પરિમિતિ સમાન છે (D) કોઈ સંબંધ નથી

17. બે લંબચોરસ A અને B છે. A ની લંબાઈ B કરતાં બમણી છે અને B ની પહોળાઈ A કરતાં બમણી છે. બંનેના ક્ષેત્રફળનો ગુણોત્તર કેટલો થાય?

(A) 2:1 (B) 1:2 (C) 1:1 (D) 4:1

18. એક ખેડૂત પાસે 100 મીટર તાર છે. તેને એક બાજુ દીવાલ હોય તેવા લંબચોરસ પ્રદેશને ત્રણ બાજુથી ઘેરવો છે. મહત્તમ ક્ષેત્રફળ મેળવવા લંબાઈ અને પહોળાઈ કેટલી રાખવી જોઈએ?

(A) લંબાઈ 33.3 મી અને પહોળાઈ 33.3 મી (B) લંબાઈ 40 મી અને પહોળાઈ 30 મી

(C) લંબાઈ 60 મી અને પહોળાઈ 20 મી (D) લંબાઈ 50 મી અને પહોળાઈ 25 મી

19. 6 સેમી બાજુવાળા બે સમાન ચોરસને એકબીજા સાથે અડીને જોડી લંબચોરસ બનાવવામાં આવે છે. આ લંબચોરસની પરિમિતિ કેટલી થશે?

(A) 48 સેમી (B) 36 સેમી (C) 24 સેમી (D) 30 સેમી

20. ક્ષેત્રફળ માપવા માટે 'ચોરસ' એકમને જ કેમ પ્રમાણિત ગણવામાં આવે છે, વર્તુળને કેમ નહીં?

(A) ચોરસ સૌથી સુંદર આકાર છે

(B) ચોરસ દ્વારા સપાટીને જગ્યા છોડ્યા વગર સંપૂર્ણ રીતે આવરી શકાય છે

(C) ચોરસની પરિમિતિ સરળ હોય છે

(D) વર્તુળનું ક્ષેત્રફળ શોધી શકાતું નથી

21. 1 સેમી બાજુવાળા 4 ચોરસને જોડીને બનાવી શકાતા વિવિધ આકારોમાંથી કઈ ગોઠવણમાં પરિમિતિ સૌથી ઓછી મળશે?

(A) 2 ×2 ચોરસ ગોઠવણમાં (B) 4× 1 ના લંબચોરસ ગોઠવણમાં

(C) L-આકાર ગોઠવણમાં (D) T-આકાર ગોઠવણમાં

22 . 10 મીટર × 10 મીટરના ચોરસ પ્લોટના ચારેય ખૂણે 2 મીટર બાજુવાળા ચોરસ ક્યારા બનાવ્યા છે. ક્યારા સિવાયના બાકીના પ્લોટનું ક્ષેત્રફળ કેટલું થાય?

(A) 92 ચોરસ મીટર (B) 96 ચોરસ મીટર

(C) 84 ચોરસ મીટર (D) 80 ચોરસ મીટર

23. એક ચોરસ અને લંબચોરસનું ક્ષેત્રફળ સમાન છે. જો ચોરસની બાજુ 12 સેમી હોય અને લંબચોરસની લંબાઈ 16 સેમી હોય, તો લંબચોરસની પરિમિતિ કેટલી થશે?

(A) 48 સેમી (B) 50 સેમી (C) 32 સેમી (D) 64 સેમી

24 . જો એક લંબચોરસ કાગળની ધાર (વચ્ચેથી, ખૂણેથી નહીં) પરથી 1 સેમી × 1 સેમીનો ચોરસ કાપી લેવામાં આવે, તો તેની પરિમિતિમાં શું ફેરફાર થશે?

(A) પરિમિતિ 2 સેમી ઘટશે (B) પરિમિતિ 2 સેમી વધશે

(C) પરિમિતિમાં કોઈ ફેરફાર નહીં થાય (D) પરિમિતિ અડધી થઈ જશે

25 . એક તારમાંથી 10 સેમી બાજુવાળો ચોરસ બનાવ્યો છે. હવે જો તે જ તારને વાળીને 12 સેમી લંબાઈનો લંબચોરસ બનાવવામાં આવે, તો લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 100 ચોરસ સેમી (B) 64 ચોરસ સેમી

(C) 80 ચોરસ સેમી (D) 96 ચોરસ સેમી

<u>પ્રકરણ 7</u> અપૂર્ણાંક

(1) ચિરાગે 4 × 4 ચોરસ ગ્રીડમાં નીચે મુજબ ભાત બનાવી છે:

```
[■] [□] [■] [□]
[■] [□] [■] [□]
[■] [□] [□] [□]
[■] [□] [□] [□]
```

ગ્રીડનો કેટલામો ભાગ રંગીન (■) છે? અને ગ્રીડનો બરાબર 3/4 ભાગ રંગીન કરવા માટે બીજા કેટલા સફેદ ખાના રંગવા પડશે?

(A) રંગીન ભાગ 6/16, બીજા 6 ખાના રંગવા પડે
(B) રંગીન ભાગ 6/16, બીજા 4 ખાના રંગવા પડે
(C) રંગીન ભાગ 4/16, બીજા 8 ખાના રંગવા પડે
(D) રંગીન ભાગ 8/16, બીજા 2 ખાના રંગવા પડે

(2) નીચેની સંખ્યારેખા પર 0 અને 1 વચ્ચેના અંતરને સમાન ભાગોમાં વહેંચેલું છે:

```
0        P              Q     1
|--|--|--|--|--|--|--|--|--|--|
```

જો બિંદુ P એ 3/10 દર્શાવતું હોય, તો બિંદુ Q કયો અપૂર્ણાંક દર્શાવશે અને P તથા Q વચ્ચેનું અંતર કેટલું થશે?

(A) Q = 7/10, અંતર = 4/10 (B) Q = 8/10, અંતર = 5/10

(C) Q = 7/10, અંતર = 3/10 (D) Q = 6/10, અંતર = 4/10

(3) માનસી પાસે 5 રોટલી છે અને તે 4 બાળકો વચ્ચે સરખે ભાગે વહેંચવા માંગે છે.

- અભયે સૂચવ્યું: દરેક બાળકને 1 આખી રોટલી આપો અને વધેલી 1 રોટલીના 4 સરખા ટુકડા કરી દરેકને 1/4 આપો.
- ભાવનાએ સૂચવ્યું: પાંચેય રોટલીના ચાર-ચાર ટુકડા કરો અને દરેક બાળકને 1/4 માપના 5 ટુકડા આપો.

બંનેની રીતો વિશે શું કહી શકાય?

(A) અભયની રીત સાચી છે, ભાવનાની ખોટી છે.
(B) ભાવનાની રીત સાચી છે, અભયની ખોટી છે.
(C) બંનેની રીત સાચી છે અને બંને રીતે દરેક બાળકને 5/4 રોટલી જ મળે છે.
(D) બંને રીતો ખોટી છે.

(4) એક ત્રાજવાની ડાબી બાજુએ 1/2 કિગ્રા અને 1/3 કિગ્રાના બે વજનિયાં મૂકેલા છે.

```
                        ▲
              +------------+------------+
              |                         |
      [1/2]+[1/3]                  [ ? ? ? ]
      (ડાબું)                       (જમણું)
```

જમણી બાજુએ ત્રાજવું સમતોલ કરવા માટે 1/6 કિગ્રાના કેટલા નાના વજનિયાં મૂકવા પડે?

(A) 3 વજનિયાં **(B)** 4 વજનિયા **(C)** 5 વજનિયાં **(D)** 6 વજનિયાં

(5) પ્રિયાએ એક કોયડો બનાવ્યો:

"હું એક શુદ્ધ અપૂર્ણાંક છું. જો મારા અંશમાં 3 ઉમેરવામાં આવે, તો મારી કિંમત 1 થઈ જાય છે. પણ જો મારા છેદમાં 1 ઉમેરવામાં આવે, તો મારી કિંમત 1/2 થઈ જાય છે. તો હું કયો અપૂર્ણાંક છું?"

(A) 3/6 **(B)** 4/7 **(C)** 5/8 **(D)** 2/5

(6) કબીર એક અપૂર્ણાંક ભુલભુલામણીમાં છે. તેણે શરૂઆતના સ્થાન 3/5 થી શરૂ કરીને ફક્ત તેના સમઅપૂર્ણાંક **(Equivalent Fraction)** વાળા રસ્તા પર જ આગળ વધવાનું છે.

```
[શરૂઆત: 3/5] ---> [દરવાજો 1: 6/10] ---> [દરવાજો 2: 9/15] ---> [ ? ]
```

આગળનો દરવાજો ખોલવા માટે નીચેનામાંથી કયો સમઅપૂર્ણાંક પસંદ કરવો પડશે?

(A) 12/20 **(B)** 12/25 **(C)** 15/20 **(D)** 9/20

(7) દિયાએ 4 × 4 રંગોળીમાં નીચે મુજબ રંગ પૂરેલા છે:

```
+---+---+---+---+
| R | R | B | B |    (R = લાલ, B = વાદળી, G = લીલો)
+---+---+---+---+
| R | R | B | B |
+---+---+---+---+
| B | B | G | G |
+---+---+---+---+
| G | G | G | G |
+---+---+---+---+
```

રંગોળીનો કેટલામો ભાગ લીલા (G) રંગનો છે? તેનું સહેલામાં સહેલું (અતિસંક્ષિપ્ત) સ્વરૂપ કયું થાય?

(A) 6/16 = 3/8 **(B)** 4/16 = ¼ **(C)** 8/16 = ½ **(D)** 5/16

(8) 12 મીટર લાંબી રિબનમાંથી 3/4 મીટર લંબાઈના સમાન ટુકડા કરવામાં આવે છે. તો રિબનમાંથી કુલ કેટલા ટુકડા બનશે?

(A) 9 ટુકડા **(B)** 12 ટુકડા **(C)** 16 ટુકડા **(D)** 15 ટુકડા

(9) વ્યવહારમાં 'દોઢ' ગ્લાસ એટલે 1 1/2 અને 'અઢી' ગ્લાસ એટલે 2 1/2 થાય છે. જો શ્યામ 1 લીટર દૂધમાંથી પોતાના માટે 'દોઢ' ગ્લાસ અને બહેન માટે 'અઢી' ગ્લાસ દૂધ આપે, તો તેણે એકંદરે કેટલા ગ્લાસ દૂધ આપ્યું ગણાય?

(A) 3 ગ્લાસ (B) 4 ગ્લાસ (C) 31/2 ગ્લાસ (D) 5 ગ્લાસ

(10) એક ફુગ્ગાવાળા પાસે કુલ 24 ફુગ્ગા છે. તેમાંથી 6 ફુગ્ગા લાલ, 12 ફુગ્ગા વાદળી અને બાકીના પીળા રંગના છે. પીળા રંગના ફુગ્ગા કુલ ફુગ્ગાનો કેટલામો ભાગ દર્શાવે છે?

(A) ½ (B) ¼ (C) 1/3 (D) 1/6

(11) કેક બનાવવાની રેસિપી મુજબ 1 કેક માટે 3/4 કપ ખાંડ જોઈએ છે. જો મમ્મીએ 3 કેક બનાવવી હોય, તો કુલ કેટલા કપ ખાંડ જોઈશે? (મિશ્ર અપૂર્ણાંકમાં દર્શાવો)

(A) 1 1/4 કપ (B) 2 1/4 કપ (C) 2 3/4 કપ (D) 3 1/4 કપ

(12)કાવ્યા પોતાના ઘરથી પૂર્વ દિશા તરફ 3/5 કિમી ચાલે છે, અને પછી ત્યાંથી પશ્ચિમ દિશા (પાછા) તરફ 1/5 કિમી ચાલે છે. હવે તે પોતાના ઘરથી કેટલી દૂર હશે?

(A) 4/5 કિમી (B) 2/5 કિમી (C) 1/5 કિમી (D) 1 કિમી

(13) 75 પૈસા એ ₹ 5 નો કેટલામો ભાગ છે? (સૌથી સરળ સ્વરૂપમાં દર્શાવો)

(A) 75/5 (B) 3/20 (C) ¼ (D) 3/4

(14) નીચે આપેલી અપૂર્ણાંક ભાત જુઓ:

1/2, 2/4, 3/6, 4/8, …..

આ ભાતનું 10મું પદ કયું હશે અને તેનું અતિસંક્ષિપ્ત સ્વરૂપ શું થશે?

(A) 10/20, અતિસંક્ષિપ્ત સ્વરૂપ ½ (B) 10/12, અતિસંક્ષિપ્ત સ્વરૂપ 5/6

(C) 9/18, અતિસંક્ષિપ્ત સ્વરૂપ ½ (D) 10/10, અતિસંક્ષિપ્ત સ્વરૂપ 1

(15) દિવસના 24 કલાકમાંથી, ધ્રુવ 8 કલાક ઊંઘવામાં, 6 કલાક શાળામાં અને 2 કલાક રમવામાં વિતાવે છે. તો તે દિવસનો કેટલામો ભાગ અન્ય પ્રવૃત્તિઓમાં વિતાવે છે?

(A) 16/24 = 2/3 (B) 8/24 = 1/3 (C) 12/24 = ½ (D) 6/24 = ¼

(16) **ક્રિસ્ટલ કહે છે કે** *"મારા પિતાની ઉંમર 36 વર્ષ છે. મારી ઉંમર મારા પિતાની ઉંમરના 1/3 ભાગ જેટલી છે."* **ક્રિસ્ટલ**ની ઉંમર કેટલી હશે?

(A) 9 વર્ષ (B) 12 વર્ષ (C) 18 વર્ષ (D) 15 વર્ષ

(17) અંકો 2, 5, 7 નો ઉપયોગ કરીને (પુનરાવર્તન કર્યા વગર) બનાવી શકાતો સૌથી મોટો શુદ્ધ અપૂર્ણાંક કયો છે?

(A) 7/5 (B) 2/7 (C) 5/7 (D) 2/5

પ્રકરણ 8 રચનાઓ સાથે રમત

(1) 6 સે.મી. બાજુનો ચોરસ બનાવતી વખતે એક વિદ્યાર્થીએ PS = 5 સે.મી. લીધું. સૌથી વધુ અસર કયા ગુણધર્મ પર પડશે?

(A) બધા ખૂણા 90° રહેશે (B) ચારેય બાજુ સમાન નહીં રહે

(C) વિકર્ણ સમાન રહેશે (D) કોઈ અસર નહીં

(2) ચોરસની રચના પછી ચારેય બાજુ સમાન છે, પરંતુ વિકર્ણ અસમાન છે. સૌથી યોગ્ય તારણ કયું?

(A) માપમાં ભૂલ છે (C) વિકર્ણ જરૂરી નથી

(B) ચોરસ સાચો છે (D) કંઈ કહી શકાય નહીં

(3) રચના પૂર્ણ થયા પછી ગુણધર્મો ચકાસવાની યોગ્ય ક્રમબદ્ધ રીત કઈ?

(A) ખૂણા → બાજુ → વિકર્ણ (B) વિકર્ણ → નામ → બાજુ

(C) નામ → બાજુ → ખૂણા (D) માત્ર વિકર્ણ

(4) એક વિદ્યાર્થી કહે છે કે "દરેક ચોરસ લંબચોરસ છે, પરંતુ દરેક લંબચોરસ ચોરસ નથી." તેનું મુખ્ય કારણ શું?

(A) ચોરસમાં બધા ખૂણા 90° હોય છે.
(B) લંબચોરસમાં ચારેય બાજુ સમાન હોવી જરૂરી નથી.
(C) ચોરસમાં વિકર્ણ નથી.
(D) લંબચોરસમાં ચાર બાજુ નથી.

(5) 7 સે.મી.× 4 સે.મી. લંબચોરસમાં X અને Y અનુક્રમે સામસામેની બાજુઓ પર છે. X અને Y વચ્ચેનું અંતર ક્યારે લઘુત્તમ થવાની શક્યતા વધુ છે?

(A) X અને Y સામસામે સમાન ઊંચાઈએ હોય ત્યારે
(B) X અને Y વિરુદ્ધ છેડાઓ પર હોય ત્યારે
(C) X અને Y ખૂણાઓ પર હોય ત્યારે
(D) નક્કી કરી શકાય નહીં

(6) બે સમાન ત્રિજ્યાવાળા વર્તુળોના બે છેદબિંદુ મળે છે. તે છેદબિંદુઓ વિશે કયું વિધાન સાચું છે?

(A) બંને કેન્દ્રથી સમાન અંતરે છે.

(B) બંને માત્ર એક કેન્દ્રથી સમાન અંતરે છે.

(C) બંને કોઈપણ કેન્દ્રથી સમાન અંતરે નથી.

(D) બંને વચ્ચેનું અંતર શૂન્ય છે.

(7) જો લંબચોરસના એક વિકર્ણ દ્વારા બનેલા બે ખૂણાં 45° – 45° હોય, તો સૌથી સંભવિત આકૃતિ કઈ હશે?

(A) સામાન્ય લંબચોરસ (B) ચોરસ (C) સમચતુષ્કોણ (D) સમલંબ ચતુષ્કોણ

પ્રકરણ 9 સંમિતિ

(1) નીચેનામાંથી કયા અંગ્રેજી મૂળાક્ષરમાં માત્ર રૈખિક સંમિતિ છે, પરંતુ પરિભ્રમણીય સંમિતિ (Rotational Symmetry) નથી?

(A) M (B) H (C) O (D) X

(2) એક સમાંતરબાજુ ચતુષ્કોણ (Parallelogram) નો પરિભ્રમણીય સંમિતિનો ક્રમ (Order of Rotational Symmetry) કેટલો હોય છે?

(A) 0 (B) 1 (C) 2 (D) 4

(3). જો કોઈ આકૃતિને 72° ના ખૂણે ફેરવવાથી તે મૂળ આકૃતિ જેવી જ દેખાય છે, તો તેનો પરિભ્રમણીય સંમિતિનો ક્રમ શું હશે?

(A) 4 (B) 5 (C) 6 (D) 8

(4) તાજમહેલ કે અન્ય પ્રાચીન ભારતીય સ્થાપત્યોમાં મોટાભાગે કયા પ્રકારની સંમિતિ જોવા મળે છે?

(A) માત્ર પરિભ્રમણીય સંમિતિ (B) પ્રતિબિંબિત (રૈખિક) સંમિતિ

(C) અસમપ્રમાણતા (Asymmetry) (D) સ્થાનાંતરિત સંમિતિ

(5) અંગ્રેજી શબ્દ "SWIMS" ને 180° ફેરવતા તે કેવો વંચાશે?

(A) SMIMS (B) SWIMS (C) SWIWS (D) SMISW

(6) ભારતીય સંસ્કૃતિના પવિત્ર પ્રતીક 'સ્વસ્તિક' (Swastik(A) માં કયા પ્રકારની સંમિતિ સ્પષ્ટ રીતે જોવા મળે છે?

(A) 4 સંમિતિની રેખાઓ (B) 90° ના ખૂણે પરિભ્રમણીય સંમિતિ (ક્રમ 4)

(C) માત્ર આડી રૈખિક સંમિતિ (D) અસમપ્રમાણતા (Asymmetry)

(7). જો ઘડિયાળમાં બરાબર 3:00 વાગ્યા હોય, તો તેને અરીસામાં જોતાં (પ્રતિબિંબિત સંમિતિ મુજબ) કયો સમય દેખાશે?

(A) 3:00 (B) 6:00 (C) 9:00 (D) 12:00

(8) એક વર્તુળને તેના કેન્દ્ર પરથી કોઈપણ ખૂણે ફેરવતા તે મૂળ આકાર જેવું જ દેખાય છે. તો વર્તુળનો પરિભ્રમણીય સંમિતિનો ક્રમ શું કહી શકાય?

(A) 1 (B) 4 (C) 360 (D) અસંખ્ય (Infinite)

પ્રકરણ 10 શૂન્યની બીજી બાજુ

(1) બ્રહ્મગુપ્તના નિયમ મુજબ, બે ઋણ પૂર્ણાંકોનો સરવાળો હંમેશાં કેવો મળે છે?

(A) ધન પૂર્ણાંક (B) ઋણ પૂર્ણાંક (C) શૂન્ય (D) હંમેશાં અવિભાજ્ય સંખ્યા

(2) સંખ્યારેખા પર '-4' ની ડાબી બાજુએ 3 એકમ ખસવાથી કઈ સંખ્યા મળે?

(A) -1 (B) +1 (C) -7 (D) +7

(3) કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' અને પ્રાચીન ગણિતમાં જમા અને ઉધાર દર્શાવવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થતો હતો?

(A) માત્ર શબ્દો (B) ધન અને ઋણ ચિહ્નોવાળી સળિયા પદ્ધતિ

(C) માત્ર રોમન અંકો (D) રંગીન કાગળો

(4) એક વેપારીને પહેલા મહિને ₹4000 નો નફો અને બીજા મહિને ₹4000 નું નુકસાન થાય છે, તો બે મહિનાના અંતે તેની કુલ આર્થિક સ્થિતિ શું થાય?

(A) ₹8000 નફો (B) ₹8000 નુકસાન (C) શૂન્ય (ના નફો, ના નુકસાન) (D) ₹4000 નફો

(5) પ્રાચીન સમયમાં ઈ.સ. 628 માં કયા ભારતીય ગણિતશાસ્ત્રીએ શૂન્ય અને ઋણ સંખ્યાઓના ગાણિતિક નિયમો સ્પષ્ટ કર્યા હતા?

(A) આર્યભટ્ટ (B) બ્રહ્મગુપ્ત (C) ભાસ્કરાચાર્ય (D) શ્રીનિવાસ રામાનુજન

(6) જો કોઈ રમતમાં '-5' થી શરૂ કરીને +7 ઉમેરવામાં આવે, તો પરિણામ શું મળે?

(A) +12 (B) -12 (C)+2 (D) -2

(7) વિરોધી સંખ્યાઓની જોડ માટે કયું વિધાન સાચું છે?

(A) તેમનો સરવાળો હંમેશાં શૂન્ય થાય છે. (બ) તેમનો સરવાળો હંમેશાં ધન થાય છે.

(ક) તેમની બાદબાકી હંમેશાં શૂન્ય થાય છે. (ડ) તેઓ ક્યારેય ભેગા ન થઈ શકે.

(8) જો આપણે 0 માંથી (-10) બાદ કરીએ, તો જવાબ ....મળે.

(A) 0 (B) 10 (C) (-10) (D) 100

(9) વિજ્ઞાન પ્રયોગશાળામાં એક પ્રવાહીનું તાપમાન -15 °C છે. તેને પાણીના ઠારણ બિંદુ 0 °C સુધી પહોંચવા માટે કેટલા ડિગ્રી ગરમ કરવું પડશે?

(A) +15 ° C (B) -15 ° C (C) 0 ° C (D) 30 ° C

(10) એક ક્વીઝ સ્પર્ધામાં સાચા જવાબ માટે +5 ગુણ અને ખોટા જવાબ માટે -2 ગુણ આપવામાં આવે છે. જો સોહને 3 સાચા અને 2 ખોટા જવાબ આપ્યા, તો તેનો કુલ સ્કોર કેટલો થાય?

(A) +19 (B) +11 (C) -11 (D)-19

જવાબો

પ્રકરણ 1. ગણિતમાં પૅટર્ન

1.(D) ધન સંખ્યાઓ

2.(B) 89

3.(B) 6 × ત્રિકોણીય સંખ્યા + 1

4.(C) 12

5.(D) ગણતરીની સંખ્યા જેવો

6.(B) 40+41

7.(B) 121

8.(C) 81

9.(A) 64

10.(C) 7

પ્રકરણ 2. રેખાઓ અને ખૂણાઓ

1.(C) 3

2.(C) તે બંને દિશામાં અનંત સુધી વિસ્તરેછે

3.(D) 104°, 90°, 29°, 180°, 210°

4.(C) બંને ખૂણા સરળકોણ હોય

5.(B) 10°

6.(B) પ્રતિબિંબકોણ

7.(D) ગુરુકોણ

8.(C) 7

9.(B) 29°

10.(A) 2:10 વાગ્યે

પ્રકરણ 3 સંખ્યાની રમત

1.(C) ચડતો ક્રમ

2.(B) 1

3.(C) 300

4.(D) ક્યારેય નહીં

5.(C) 34

6.(D) 51111

7.(D) 495

8.(B) 11

9.(A) 642

10.(C) 50

11.(D) 1665

12.(A) 16

13.(B) 5

14.(B) 4

પ્રકરણ 4. માહિતીનું નિયમન અને રજૂઆત

1. (C) 4.50 એકમ
2. (D) દુનિયાની લાંબી નદીઓની સરખામણી કરવા
3. (A) માહિતીનાં મૂલ્યમાં કોઈ ફેરફાર ન થાય
4. (D) બે પૂર્ણ જૂથ (૫ ના) અને ૩ ઊભી લીટીઓ
5. (D) આલેખ બિનજરૂરી રીતે લાંબો થઈ જશે
6. (B) ચિત્રના પ્રમાણમાપની નોંધ
7. (D) મોટાભાગના લોકો હજુ જાગ્યા ન હોય અથવા નોકરી પર જવાનો સમય ન થયો હોય
8. (D) લંબાલેખ
9. (B) વિશિષ્ટ પ્રશ્નોના જવાબ શોધવા અને નિર્ણયો લેવા માટે
10. (D) કોઈ ગાણિતિક અસર ન થાય પણ આલેખ જોવામાં વિચિત્ર લાગે

11. (C) ભારતની રાજધાની કઈ છે?

12. (D) શ્રેણી સ્વતંત્ર છે તે દર્શાવવા અને આલેખ સ્પષ્ટ દેખાય તે માટે

13. (D) કારણકે વસ્તી કરોડોમાં હોય છે અને એટલો મોટો સ્તંભ દોરવો અશક્ય છે

14. (C) 80

15. (D) 300

16. (B) 40

પ્રકરણ 5. અવિભાજ્ય સંખ્યાઓ

1.(D) તે વિશિષ્ટ સંખ્યા છે.

2.(B) 3 વાર

3.(B) 4 વડે

4.(D) સહ - અવિભાજ્ય

5.(C) 8

6.(C) 5

7.(C) 12

8.(A) 0

9.(B) 11 અને 13

10.(B) 3

પ્રકરણ 6 પરિમિતિ અને ક્ષેત્રફળ

1 (A) 1:3
2 (B) 12 સેમી
3 (A) 36 સેમી× 1 સેમી
4 (A) 10 સેમી
5 (B) 20 સેમી
6 (A) 144 ચોરસ સેમી
7 (B) 4800
8 (A) 304 ચોરસ મીટર
9 (B) 3:4
10 (A) 36 સેમી
11 (B) ₹ 7200
12 (C) 15 સેમી
13 (B) ₹ 1680
14 (A) 75
15 (B) 50 ચોરસ સેમી
16 (A) A ની પરિમિતિ B કરતાં વધુ છે
17 (C) 1:1
18 (D) લંબાઈ 50 મી અને પહોળાઈ 25 મી .
19 (B) 36 સેમી
20 (B) ચોરસ દ્વારા સપાટીને જગ્યા છોડ્યા વગર સંપૂર્ણ રીતે આવરી શકાય છે
21 (A) 2×2 ચોરસ ગોઠવણમાં
22 (C) 92 ચોરસ મીટર
23 (B) 50 સેમી
24 (C) પરિમિતિમાં કોઈ ફેરફાર નહીં થાય
25 (D) 96 ચોરસ સેમી

પ્રકરણ 7 અપૂર્ણાંક

1 (A) રંગીન ભાગ 6/16, બીજા 6 ખાના રંગવા પડે

2 (B) Q = 8/10, અંતર = 5/10

3 (C) બંનેની રીત સાચી છે અને બંને રીતે દરેક બાળકને 5/4 રોટલી જ મળે છે.

4 (C) 5 વજનિયાં

5 (B) 4/7

6 (A) 12/20

7 (A) 6/16 = 3/8

8 (C) 16 ટુકડા

9 (B) 4 ગ્લાસ 10 (B) ¼

11 (B) 2 1/4 કપ

12 (B) 2/5 કિમી

13 (B) 3/20

14 (A) 10/20, અતિસંક્ષિપ્ત સ્વરૂપ ½

15 (B) 8/24 = 1/3

16 (B) 12 વર્ષ

17 (C) 5/7

પ્રકરણ 8 રચનાઓ સાથે રમત

1 (B) ચારેય બાજુ સમાન નહીં રહે

2 (A) માપમાં ભૂલ છે

3 (A) ખૂણા → બાજુ → વિકર્ણ

4 (B) લંબચોરસમાં ચારેય બાજુ સમાન હોવી જરૂરી નથી.

5 (A) X અને Y સામસામે સમાન ઊંચાઈએ હોય ત્યારે

6 (A) બંને કેન્દ્રથી સમાન અંતરે છે.

7 (B) ચોરસ

પ્રકરણ 9 સંમિતિ

1 (A) M

2 (C) 2

3 (B) 5

4 (B) પ્રતિબિંબિત (રૈખિક) સંમિતિ

5 (B) SWIMS

6 (B) 90° ના ખૂણે પરિભ્રમણીય સંમિતિ (ક્રમ 4)

7 (C) 9:00

8 (D) અસંખ્ય (Infinite)

પ્રકરણ 10 શૂન્યની બીજી બાજુ

1 (B) ઋણ પૂર્ણાંક

2 (C) -7

3 (B) ધન અને ઋણ ચિહ્નોવાળી સળિયા પદ્ધતિ

4 (C) શૂન્ય (ના નફો, ના નુકસાન)

5 (B) બ્રહ્મગુપ્ત

6 (C)+2

7 (A) તેમનો સરવાળો હંમેશાં શૂન્ય થાય છે.

8 (B) 10

9 (A) +15 ° C

10 (B) +11

વિજ્ઞાન

(1) સજીવોને વર્ગીકૃત કરવાનો મુખ્ય હેતુ શું છે?

(A) સજીવોનો અભ્યાસ સરળ બનાવવો

(B) રમવું

(C) ચિત્ર દોરવું

(D) સમય પસાર કરવો

(2) નીચેનામાંથી કઈ પ્રકારની વનસ્પતિને ઊંચે ચઢવા અને વૃદ્ધિ પામવા આધારની જરૂર પડે છે?

(A) વૃક્ષ (B) ક્ષુપ

(C) છોડ (D) વેલા

(3) પ્રકાશ નામનું એક બાળક ખેતરમાંથી મૂળો લાવે છે, અને શિક્ષકને પૂછે છે કે મૂળો ક્યા પ્રકારનું મૂળતંત્ર ધરાવે છે, અને તેનાં પર્ણમાં ક્યા પ્રકારનો શિરાવિન્યાસ હોય છે?

(A) તંતુમય, સમાંતર

(B) સોટીમય, ઝાલાકાર

(C) સોટીમય, સમાંતર

(D) તંતુમય, ઝાલાકાર

(4) હું જમીન અને પાણી બંનેમાં રહેતું સજીવ છું. મને ઓળખો.

(A) ડોલ્ફિન (B) વ્હેલ

(C) મગર (D) દરિયાઈ ઘોડો

(5) ફળો અને શાકભાજીના રેસા નીચેનામાંથી શેમાં ઉપયોગી છે?

(A) ઊર્જા આપવી

(B) પાચનમાં મદદ કરવી

(C) શરીરનું બંધારણ કરવું

(D) હાડકાં મજબૂત કરવા

(6) પપૈયું, કેરી, ગાજર જેવાં ફળો ન ખાવાથી શરીરનાં કયા અંગમાં રોગ થઈ શકે છે?

(A) નાક (B) પગ (C) કાન (D) આંખ

(7) સ્કૂલ ટિફિન માટે શ્રેષ્ઠ વિકલ્પ કયો છે?

(A) સમોસા

(B) ચિપ્સ

(C) થેપલા, શાક અને ફળ

(D) કોલ્ડ ડ્રિંક્સ / સોડા

(8) વધુ તેલવાળો ખોરાક નિયમિત ખાવાથી શું થઈ શકે?

(A) ઊંચાઈ વધે

(B) સ્થૂળતા વધે

(C) આંખો તેજ વધે

(D) યાદશક્તિ વધે

(9) નીચેનામાંથી કઈ વસ્તુમાંથી ચુંબક બનાવી શકાય છે?

(A) ઍલ્યુમિનિયમ

(B) કાચ

(C) લોખંડ

(D) ચાંદી

(10) સ્પીકરમાં કયા પ્રકારનો ચુંબક વપરાય છે?

(A) ગજિયો

(B) નાળાકાર

(C) અંડાકાર

(D) કંકણાકાર

(11) તબીબી ક્ષેત્રે ચુંબકનો ઉપયોગ શેમાં થાય છે?

(A) MRI (B) દાંત સાફ કરવામાં

(C) ફ્રેક્ચર ચેક કરવા (D) હૃદયનાં ધબકારા માપવા

(12) હોકાયંત્રની સોયનો ઉત્તર ધ્રુવ પૃથ્વીના કયા ભાગ તરફ આકર્ષાય છે?

(A) ભૌગોલિક ઉત્તર ધ્રુવ તરફ

(B) ભૌગોલિક દક્ષિણ ધ્રુવ તરફ

(C) વિષુવવૃત્ત તરફ

(D) કોઈપણ દિશામાં

(13) 10,000 મીટર = કેટલા કિલોમીટર?

(A) 0.1 (B) 1 (C) 10 (D) 100

(14) પદાર્થ ગતિમાં છે કે નહીં તે જાણવા માટે કઈ બાબત જરૂરી છે?

(A) સંદર્ભબિંદુ (B) આકાર

(C) રંગ (D) વજન

(15) કોઈ વસ્તુ સમય સાથે પોતાની સ્થિતિ બદલે તેને શું કહેવાય?

(A) સ્થિર (B) પારદર્શક

(C) સ્થાન ફેર (D) અસ્પષ્ટ

(16) પૃથ્વીની સૂર્યની આસપાસની ગતિ કયા પ્રકારની છે?

(A) રેખીય ગતિ (B) અનિયમિત ગતિ

(C) સ્થિર ગતિ (D) આવર્તગતિ

(17) દર્શન તેના પપ્પાની સાથે ઇલેક્ટ્રિશિયનની દુકાન પર વાયર લેવા ગયો. ત્યાં રંગબેરંગી વાયર જોવા મળ્યા. તેણે તેના પપ્પાને પૂછ્યું આ વાયર પર રંગબેરંગી પ્લાસ્ટિકનું આવરણ શા માટે ચડાવે છે?

(A) સુંદર દેખાવા માટે (B) ભારે બનાવવા માટે

(C) વીજપ્રવાહથી સુરક્ષા માટે (D) આકર્ષણ જગાડવા માટે

(18) કોઈ પણ વસ્તુ બનાવવા માટે સામગ્રીની પસંદગી શેના આધારે કરવામાં આવે છે?

(A) રંગ (B) ગુણધર્મો (C) કિંમત (D) કદ

(19) નીચેનામાંથી કઈ સામગ્રીમાં પ્રકાશ આંશિક રીતે પસાર થાય છે?

(A) કાચ (B) લોખંડ (C) લાકડું (D) બટર પેપર

(20) જો આપણા શરીરનું તાપમાન 39 °C હોય તો શું કહી શકાય?

(A) સામાન્ય છે (B) તાવ છે

(C) ખૂબ ઠંડું (D) માપ ખોટું છે

(21) એક વિદ્યાર્થીએ ઊકળતા પાણીનું તાપમાન ક્લિનિકલ થર્મોમીટરથી માપવાનો પ્રયાસ કર્યો. આ કાર્ય –

(A) યોગ્ય છે (B) ફક્ત શીખવા માટે

(C) હંમેશા કરવું (D) અયોગ્ય છે

(22) એક થર્મોમીટર પર તાપમાનનો SI એકમ દર્શાવેલો છે, તો તે નીચેનામાંથી કયો હશે?

(A) °C (B) K (કેલ્વિન) (C) °F (D) M

(23) મહેશ વહેલી સવારે ચાલવા નીકળ્યો. તેને ઘાસ પર ઝાકળ જોવા મળી તો નીચેનામાંથી કયા કારણોસર આવું થયું હશે?

(A) વરસાદ પડવાથી

(B) હવામાં રહેલો જળવાષ્પ ઠંડો પડે છે

(C) ઘાસમાંથી પાણી બહાર આવે છે

(D) સૂર્યપ્રકાશને કારણે પાણી મળે છે

(24) નીચેનામાંથી કયા પદાર્થનું સામાન્ય તાપમાને વરાળમાં રૂપાંતર થતું નથી?

(A) આલ્કોહોલ (B) પેટ્રોલ

(C) પરફ્યુમ (D) દૂધ

(25) જો પૃથ્વી પર જળચક્ર જ ન હોય તો શું અસર થાય?

(A) પાણીનો પુરવઠો ખોરવાઈ જાય

(B) દિવસ લાંબો થઈ જાય

(C) ચંદ્ર અદ્રશ્ય થઈ જાય

(D) પવન બંધ થઈ જાય

(26) સૂર્યમુખીનું ફૂલ સૂર્ય તરફ રહે છે આ કઈ લાક્ષણિકતા છે?

(A) વૃદ્ધિ (B) ઉત્તેજનાનો પ્રતિભાવ

(C) પ્રજનન (D) ઉત્સર્જન

(27) પ્રકાશ તેનાં ઘરે બે છોડ વાવે છે, એકને પાણી અને સૂર્યપ્રકાશ મળે છે જ્યારે બીજાને મળતાં નથી. થોડા દિવસ પછી માત્ર પહેલો છોડ સારી રીતે વધે છે આ શું દર્શાવે છે?

(A) બધા છોડ સમાન છે.

(B) સજીવોને વૃદ્ધિ માટે અનુકૂળ પરિસ્થિતિની જરૂર પડે છે.

(C) છોડને માત્ર હવાની જરૂર પડે છે.

(D) છોડને ખોરાકની જરૂર નથી.

(28) જો કોઈ સજીવ ખોરાક લે છે પરંતુ ઉત્સર્જન ન કરી શકે તો સૌથી પહેલાં શું અસર થશે?

(A) બિનજરૂરી પદાર્થો શરીરમાં જમા થશે.

(B) સજીવ વધુ ઝડપથી વધશે.

(C) સજીવને વધુ ભૂખ લાગશે.

(D) કોઈ અસર નહીં થાય.

(29) એક પ્રયોગમાં રમેશ પાણી ભરેલા બીકરમાં ચાર જુદા જુદા પ્રવાહી ઉમેરે છે: દૂધ, કેરોસીન, લીંબુનો રસ અને નાળિયેરનું તેલ. કયા બે પ્રવાહી પાણીમાં સંપૂર્ણપણે મિશ્રિત (દ્રાવ્ય) થઈ જશે?

(A) કેરોસીન અને નાળિયેરનું તેલ

(B) દૂધ અને લીંબુનો રસ

(C) દૂધ અને કેરોસીન

(D) લીંબુનો રસ અને નાળિયેરનું તેલ

(30) એક બંધ બરણીમાં જીવંત ઉંદર અને લીલો છોડ મૂકવામાં આવ્યા. થોડા સમય પછી બરણી તપાસવામાં આવી. આ કેસ સ્ટડી મુખ્યત્વે કઈ જૈવિકક્રિયા સાથે સંબંધિત છે?

(A) શ્વસન (B) પ્રજનન (C) ઉત્સર્જન (D) વૃદ્ધિ

(31) 3R નો સાચો ક્રમ કયો છે?

(A) Reuse – Recycle – Reduce

(B) Recycle – Reduce – Reuse

(C) Reduce – Reuse – Recycle

(D) Reuse – Reduce – Recycle

(32) એક ગામમાં વરસાદ ઓછો પડે છે, તો ભૂગર્ભજળના સ્તરમાં શું ફેરફાર થશે?

(A) ભૂગર્ભજળનું સ્તર વધશે

(B) ભૂગર્ભજળનું સ્તર ઘટશે

(C) ભૂગર્ભજળનું સ્તર જેમ છે તેમ જ રહેશે

(D) ભૂગર્ભજળના સ્તર સાથે કોઈ લેવા દેવા નથી

(33) એક જિલ્લામાં 10 વર્ષમાં જંગલોનું ક્ષેત્રફળ 40% ઘટ્યું છે તો નીચેના પૈકી કઈ ઘટના સૌથી વધુ સંભવિત છે?

(A) જૈવવિવિધતામાં ઘટાડો

(B) ભૂગર્ભજળનું સ્તર વધશે

(C) હવાનું પ્રદૂષણ ઘટશે

(D) જમીન વધુ ભેજવાળી બનશે

(34) નીચેના પૈકી કઈ ઊર્જા ફરી મળી શકતી નથી?

(A) પવન ઊર્જા (B) સૌર ઊર્જા

(C) કોલસો (D) જળ ઊર્જા

(35) અંતરિક્ષમાંથી જોવામાં પૃથ્વી વાદળી રંગની કેમ દેખાય છે?

(A) આકાશ વાદળી રંગનુ છે.

(B) પૃથ્વીનો મોટો ભાગ પાણીથી ઢંકાયેલો છે.

(C) પર્વતો વાદળી રંગનાછે.

(D) વાદળો હંમેશા વાદળી રંગનાહોય છે.

(36) જો પૃથ્વી પોતાની ધરી પર ફરવાનું બંધ કરે તો શું થાય?

(A) દિવસ અને રાત નહીં થાય (B) વરસાદ બંધ થઈ જાય

(C) ચંદ્ર ગાયબ થઈ જશે (D) સમુદ્ર સુકાઈ જશે.

(37) પૃથ્વીની ધરી નમેલી ન હોત તો શું થાય?

(A) દિવસ લાંબો થઈ જાય (B) ઋતુઓ ન બને

(C) પૃથ્વીનું ફરવાનું બંધ થઈ જાય (D) ચંદ્ર અદ્રશ્ય થઈ જાય.

(38) ઉનાળાના બપોરે સીમાએ જોયું કે ઠંડા પાણીના ગ્લાસની બહારની સપાટી પર પાણીના ટીપાં બાઝેલા છે. આ ઘટના પાછળ કયું વૈજ્ઞાનિક કારણ જવાબદાર છે?

(A) પાણીનું બાષ્પીભવન

(B) ગ્લાસમાંથી પાણીનું શોષણ

(C) હવામાંના ભેજનું સંઘનન (ઘનીભવન)

(D) ગ્લાસનું ઓગળવું

(39) તમારી પાસે બે એકસમાન લોખંડની પટ્ટીઓ છે, જેમાંથી એક ચુંબક છે. તેની ખાતરી કરવા માટે તમે કઈ પદ્ધતિ અપનાવશો?

(A) બીજા ચુંબક સાથે અપાકર્ષણ ચકાસશો

(B) પટ્ટીનો રંગ તપાસશો

(C) પાણીમાં ડુબાડશો

(D) B તથા C બંને

(40) બુઝોએ એક કુંડામાં છોડ ઉગાડ્યો છે. જો તે છોડના પર્ણો પર મીણ લગાડી દે, તો છોડ પર શું અસર થશે?

(A) છોડ વધુ ઝડપથી વધશે

(B) છોડ કરમાઈ જશે

(C) કોઈ અસર થશે નહીં

(D) પર્ણો વધુ લીલા થશે

(41) રાહુલ એક પ્લાસ્ટિકની પારદર્શક પટ્ટી પર તેલ લગાડે છે. હવે આ પટ્ટી પ્રકાશના સંદર્ભમાં કેવા પ્રકારના પદાર્થ તરીકે વર્તશે?

(A) ચુંબકીય પદાર્થ

(B) અપારદર્શક પદાર્થ

(C) પારદર્શક પદાર્થ

(D) પારભાસક પદાર્થ

(42) પહેલીએ જોયું કે રસોડામાં મીઠું અને રેતી ભૂલથી ભેગા થઈ ગયા છે. આ મિશ્રણમાંથી મીઠું અલગ કરવા માટે તેણે કઈ પ્રક્રિયાઓનો ક્રમ અનુસરવો જોઈએ?

(A) વીણવું, ચાળવું, ઉપણવું

(B) ઓગાળવું, ગાળણ, બાષ્પીભવન

(C) ચુંબકીય અલગીકરણ, ગાળણ

(D) બાષ્પીભવન, ઠારણ, ગાળણ

(43) રમેશના પેઢાંમાંથી લોહી નીકળે છે અને તેના ઘા રૂઝવવામાં ઘણો સમય લાગે છે. ડૉક્ટર તેને કયા પ્રકારનો ખોરાક વધુ ખાવાની સલાહ આપશે?

(A) ઘઉં અને ચોખા

(B) દૂધ અને પનીર

(C) ખાટાં ફળો (લીંબુ, નારંગી)

(D) તેલ અને ઘી

(44) રોહન પાસે ત્રણ અજ્ઞાત પદાર્થો A, B અને C છે. તેણે ત્રણેયને અલગ-અલગ બીકરમાં રહેલા પાણીમાં નાખ્યા અને નીચે મુજબનું અવલોકન કર્યું:

* પદાર્થ A: પાણીમાં સંપૂર્ણ ઓગળી જાય છે.
* પદાર્થ B: પાણીની સપાટી પર તરે છે પણ ઓગળતો નથી.
* પદાર્થ C: પાણીના તળિયે બેસી જાય છે પણ ઓગળતો નથી.

આ અવલોકનોના આધારે A, B અને C કયા પદાર્થો હોઈ શકે?

(A) A = મીઠું, B = રબર, C = ખાંડ

(B) A = ખાંડ, B = તેલ/સુકા પાંદડાં, C = રેતી/પથ્થર

(C) A = રેતી, B = બરફ, C = મીઠું

(D) A = તેલ, B = લાકડું, C = લોખંડની ખીલી

(45) શિયાળાની સવારે રિયાએ જોયું કે બંધ કારના કાચ પર અંદરની તરફ પાણીના નાના-નાના ટીંપા જમા થયેલા હતા. આ ઘટનામાં કઈ બે વિજ્ઞાનની પ્રક્રિયાઓ સંકળાયેલી છે?

(A) ગાળણ અને નિતારણ

(B) ઓગળવું અને જામી જવું

(C) ગલન અને ઉર્ધ્વપાતન

(D) બાષ્પીભવન અને ઘનીભવન (ઠારણ)

(46) એક વિદ્યાર્થી પાસે સમાન દેખાતા બે સળિયા (X અને Y) છે. જેમાંથી એક સાચો ચુંબક છે અને બીજો સાદો લોખંડનો સળિયો છે. તે નક્કી કરવા માટે તેણે બંનેને એકબીજાની નજીક લાવ્યા. નીચેનામાંથી કઈ ઘટના ચોક્કસપણે સાબિત કરશે કે સળિયો X ચુંબક છે?

(A) સળિયા X નો એક છેડો Y ના છેડાને આકર્ષે છે.

(B) સળિયા X નો એક છેડો Y ના છેડાને અપાકર્ષે (દૂર ધકેલે) છે.

(C) સળિયા X અને Y વચ્ચે કોઈ જ પ્રક્રિયા થતી નથી.

(D) સળિયો X ટેબલ પર સ્થિર રહે છે.

(47) મહેશને ડૉક્ટરે 'એનિમિયા' (પાંડુરોગ) થયો હોવાનું નિદાન કર્યું, કારણ કે તેના લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ઓછું હતું. આ ખામી પૂરી કરવા માટે તેને પોતાના ખોરાકમાં કયા ઘટકથી ભરપૂર ખોરાક ઉમેરવો જોઈએ?

(A) કેલ્શિયમ (જેમ કે દૂધ અને કેળાં)

(B) આયોડિન (જેમ કે આયોડિનયુક્ત મીઠું)

(C) આયર્ન/લૌહતત્વ (જેમ કે પાલક, ગોળ અને લીલા શાકભાજી)

(D) વિટામિન D (જેમ કે સૂર્યપ્રકાશ અને માછલીનું તેલ)

(48) પ્રયોગશાળામાં એક પારદર્શક પાત્રમાં પાણી ભરેલું છે. તેમાં એક ચમચી શાહી ઉમેરીને હલાવવામાં આવે છે, જેથી પાણી ઘેરા વાદળી રંગનું થઈ જાય છે. હવે આ દ્રાવણ કયા પ્રકારનો પદાર્થ બનશે?

(A) પારદર્શક (B) અપારદર્શક

(C) સુવાહક (D) પારભાષી

(49) નીચે આપેલા વિધાનો વાંચીને યોગ્ય વિકલ્પ પસંદ કરો:

વિધાન ૧: વનસ્પતિના મૂળ જમીનમાંથી પાણી અને ખનિજ ક્ષારોનું શોષણ કરે છે.

વિધાન ૨: પર્ણોમાં થતી બાષ્પોત્સર્જનની ક્રિયા, વનસ્પતિમાં મૂળ દ્વારા પાણીને ઉપર તરફ ખેંચવામાં મદદ કરે છે.

(A) માત્ર વિધાન ૧ સાચું છે.

(B) માત્ર વિધાન ૨ સાચું છે.

(C) વિધાન ૧ અને ૨ બંને સાચાં છે અને વિધાન ૨ એ વિધાન ૧ સાથે સંકળાયેલું છે.

(D) વિધાન ૧ અને ૨ બંને ખોટાં છે.

(50) અંકુરણની પ્રક્રિયા દરમિયાન બીજમાંથી સૌપ્રથમ બહાર આવતો ભાગ કયો છે અને તે કઈ દિશામાં ગતિ કરે છે?

(A) પ્રકાંડ; ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ દિશામાં (ઉપર તરફ)

(B) મૂળ; ગુરુત્વાકર્ષણની દિશામાં (જમીન તરફ)

(C) પર્ણ; સૂર્યપ્રકાશની વિરુદ્ધ દિશામાં

(D) પુષ્પ; નીચેની દિશામાં

(51) જમીનની અંદર રહેલા અળસિયા અને અન્ય જીવો ચોમાસામાં જ જમીનની બહાર કેમ જોવા મળે છે?

(A) વરસાદનું પાણી દરમાં ભરાઈ જવાથી તેમને શ્વસન માટે હવાની જરૂર પડે છે.

(B) તેમને ચોમાસામાં ખોરાક વધુ મળે છે.

(C) જમીનની અંદરનું તાપમાન વધી જાય છે.

(D) તેઓ માત્ર ભીની જમીન પર જ ચાલી શકે છે.

(52) અળસિયું તેની ત્વચા દ્વારા શ્વસન કરે છે, જ્યારે માછલી ચૂઈ દ્વારા. આ પરથી શું સાબિત થાય છે?

(A) શ્વસન એ માત્ર જળચર પ્રાણીઓનું જ લક્ષણ છે.

(B) બધા જ સજીવોમાં શ્વસન અંગો સમાન હોય છે.

(C) દરેક સજીવ પોતાના નિવાસસ્થાન અને શારીરિક રચના મુજબ શ્વસનની લાક્ષણિકતા ધરાવે છે.

(D) અળસિયું સજીવ નથી.

(53) એક પ્રયોગશાળામાં એક અજ્ઞાત નમૂનો રાખવામાં આવ્યો છે. આ નમૂનો રાત્રે વાયુઓનું વિનિમય કરે છે, ગ્લુકોઝનો ઉપયોગ કરીને ઉર્જા મેળવે છે, પરંતુ તે એક જગ્યાએથી બીજી જગ્યાએ ગતિ કરી શકતો નથી. આ નમૂનો શું હોઈ શકે?

(A) જીવાણુ (બેક્ટેરિયા) (B) વનસ્પતિ

(C) વાયરસ (D) નિર્જીવ રોબોટ

(54) એક હોકાયંત્રની સોય હંમેશા ઉત્તર-દક્ષિણ દિશામાં જ સ્થિર થાય છે. આનું મુખ્ય કારણ શું છે?

(A) હવાનું દબાણ (B) સૂર્યની ગતિ

(C) સોયમાં રહેલું લોખંડ (D) પૃથ્વી પોતે એક ચુંબક છે

(55) નીચે આપેલી વસ્તુઓમાંથી કઈ જોડી "ચમક (તેજસ્વિતા)" નો ગુણધર્મ ધરાવતી નથી?

(A) સોનાની ચેન અને તાંબાનો તાર

(B) ઢોળ ચડાવેલ લોખંડનો સળિયો અને એલ્યુમિનિયમની પટ્ટી

(C) સુકાઈ ગયેલું લાકડું અને ચોકનો ટુકડો

(D) ચાંદીનો સિક્કો અને સ્ટીલની ચમચી

જવાબો

1. (A) સજીવોનો અભ્યાસ સરળ બનાવવો
2. (D) વેલા
3. (B) સોટીમય, ઝાલાકાર
4. (C) મગર
5. (B) પાચનમાં મદદ કરવી
6. (D) આંખ
7. (C) થેપલા, શાક અને ફળ
8. (B) સ્થૂળતા વધે
9. (C) લોખંડ
10. (D) કંકણાકાર
11. (A) MRI
12. (B) ભૌગોલિક દક્ષિણ ધ્રુવ તરફ
13. (C) 10
14. (A) સંદર્ભબિંદુ
15. (C) સ્થાન ફેર
16. (D) આવર્તગતિ
17. (C) વીજપ્રવાહથી સુરક્ષા માટે
18. (B) ગુણધર્મો
19. (D) બટર પેપર
20. (B) તાવ છે
21. (D) અયોગ્ય છે
22. (B) K (કેલ્વિન)
23. (B) હવામાં રહેલો જળવાષ્પ ઠંડો પડે છે
24. (D) દૂધ
25. (A) પાણીનો પુરવઠો ખોરવાઈ જાય
26. (B) ઉત્તેજનાનો પ્રતિભાવ
27. (B) સજીવોને વૃદ્ધિ માટે અનુકૂળ પરિસ્થિતિની જરૂર પડે છે.
28. (A) બિનજરૂરી પદાર્થો શરીરમાં જમા થશે.
29. (B) દૂધ અને લીંબુનો રસ
30. (A) શ્વસન
31. (C) Reduce – Reuse – Recycle
32. (B) ભૂગર્ભજળનું સ્તર ઘટશે
33. (A) જૈવવિવિધતામાં ઘટાડો
34. (C) કોલસો
35. (B) પૃથ્વીનો મોટો ભાગ પાણીથી ઢંકાયેલો છે.
36. (A) દિવસ અને રાત નહીં થાય
37. (B) ઋતુઓ ન બને
38. (C) હવામાંના ભેજનું સંઘનન (ઘનીભવન)
39. (A) બીજા ચુંબક સાથે અપાકર્ષણ ચકાસશો
40. (B) છોડ કરમાઈ જશે
41. (C) ક્વાર્ટસ ક્લોક
42. (A) ગૂંચળાની સંખ્યા વધારવી
43. (C) યોગ્ય ક્ષમતા વાળો ફ્યુઝ
44. (B) સ્વિચ માત્ર વિદ્યુત પરિપથને નિયંત્રિત કરે છે.
45. (A) પરાવર્તન
46. (B) અંતર્ગોળ અરીસો
47. (A) અરીસાની પાછળ
48. (B) આભાસી
49. (D) વિઘટકો
50. (C) પ્લાસ્ટિક
51. (B) CO_2
52. (D) કચરા પેટીમાં
53. (C) સાફ કરીને ફરીથી ઉપયોગમાં લેવું જોઈએ
54. (A) ખુલ્લામાં મળ ત્યાગ અટકાવવા
55. (D) ખાતર બનાવવા ઉપયોગ લેવો જોઈએ

સામાજિક વિજ્ઞાન

પ્રકરણ - 1. પૃથ્વી પર સ્થાનોની સ્થિતિ

* નીચે આપેલી આકૃતિ પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો..



1. આપેલા કાલ્પનિક શહેરના નકશામાં જો કોઈ વિદ્યાર્થી શાળાએથી રેલ્વેસ્ટેશન અને ત્યાંથી હોસ્પિટલ જશે તો કઈ દિશામાં મુસાફરી કરી હશે.

(A) ઉત્તર અને પશ્ચિમ (B) દક્ષિણ અને પૂર્વ

(C) પૂર્વ અને પશ્ચિમ (D) ઉત્તર અને દક્ષિણ

2. હોસ્પિટલ થી ઉત્તરદિશામાં કયા કયા સ્થળો આવેલા છે.

(A) સંગ્રહાલય, બજાર, એપાર્ટમેન્ટ

(B) એપાર્ટમેન્ટ, તળાવ, રેલ્વે સ્ટેશન

(C) શાળા, રેલ્વે સ્ટેશન, બજાર

(D) નગર પંચાયત, બજાર, શાળા

3. હોસ્પિટલ થી દક્ષિણ પૂર્વ માં કયું સ્થળ આવેલું છે.

(A) શાળા (B) રેલ્વે સ્ટેશન (C) સંગ્રહાલય (D) જાહેર ઉદ્યાન

4. હોસ્પિટલ થી ઉત્તર પૂર્વમાં કયુ સ્થળ આવેલું છે.

(A) સંગ્રહાલય (B) જાહેર ઉદ્યાન (C) શાળા (D) રેલ્વે સ્ટેશન

5. શાળા અને સંગ્રહાલય કઈ કઈ દિશા માં આવેલા છે.

(A) દક્ષિણ પશ્ચિમ - દક્ષિણપૂર્વ (B) ઉત્તર પશ્ચિમ - ઉત્તર-પૂર્વ

(C) ઉત્તર-દક્ષિણ (D) પૂર્વ-પશ્ચિમ

6. એક ખગોળશાસ્ત્રી પૃથ્વીના ગોળા પર 0° અક્ષાંશ થી 90° ઉત્તર તરફ મુસાફરી કરી છે. તો તેના દ્વારા અવલોકન કરતાં અક્ષાંશવૃત્તોના કદમાં કેવો ફેરફાર જોવા મળશે?

(A) અક્ષાંશવૃત્તો નું કદ સતત વધશે (B) અક્ષાંશવૃત્તો નું કદ સતત ઘટશે.

(C) કદ સમાન રહેશે (D) પહેલા ઘટશે અને પછી વધશે.

